Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ ● અંક : ૩૮ ● તા. ૧૫ થી ૨૧ સપ્ટેમ્બર ૨૦૧૨ ● વાર્ષિક લવાજમ ₹ ૫૦ ● Regn.No.MH/MR/East/53/2012-14

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈના ઉપક્રમે હૈદરાબાદ-કુલપાકજી યાત્રાપ્રવાસ

























॥ શ્રી સચ્ચાઈમાતાય નમઃ ॥ ॥ શ્રી સુવિધિનાથાય નમઃ ॥ ॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

## અનુમોદના



**સૌ. અનુપમાબેન હીરાચંદ જેઠાભાઈ ખોના**

(નલીયા-ડોંબિવલી)

પૂ.સા.શ્રી હર્ષગુણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી માસખમણની ઉગ્ર તપસ્યા નિર્વિઘ્ને પુર્ણ કરેલ છે. તપોભાવનાની અનુમોદના...

~ શુભેચ્છક ~

શ્વસુરપક્ષ : માતુશ્રી જેતબાઈ જેઠાભાઈ ખોના પરિવાર
પિયરપક્ષ : ગં.સ્વ.ગુણવંતીબેન ભવાનજી મોમાયા પરિવાર (જખૌ-ખામગામ)
પતિ : શ્રી હીરાચંદ જેઠાભાઈ ખોના
પુત્ર-પુત્રવધુ : સૌ. જસ્મીના લીતેશ ખોના
દીકરી-જમાઈ : સૌ.ચંદ્રીકા ભરત ધરમશી(સાંયરા-મુલુંડ)
પૌત્રી : રીયાંશી, વિધી
દોહીત્રી : નેહલ ભરત ધરમશી

## ભાવભીની શ્રધ્ધાંજલિ

જન્મ
૫-૧૧-૧૯૭૨



સ્વર્ગવાસ
૨૫-૮-૨૦૧૨

**શ્રી રાજેશ ઠાકરશી ડાઘા**

(આદિપુર-વરાડીયા)

જીવન એવું જીવી ગયા જે કદી ભૂલાય નહીં,
વિદાય એવી લીધી જે કદી વિસરાય નહીં
જીવનપંથ આમ તો છોડી જવાય નહીં,
પણ મોક્ષ પંથે જનારને કોઈથી રોકાય નહીં!
પ્રભુ આપના આત્માને પરમ શાંતિ આપે
તેવી ભાવપૂર્વક શ્રધ્ધાંજલિના સુમન અર્પણ કરીએ છીએ...

-: આંસુભરી શ્રધ્ધાંજલિ :-

શા. ચત્રભોજ ભીંયશી ડાઘા પરિવાર (આદિપુર-વરાડીયા)
શા. કાંતિલાલ કરમશી દંડ પરિવાર (ડોંબિવલી-મંજલ)

## हार्दिक अभिनंदन !



**श्री पूर्वेश कैलास मोता**

जन्मदिन : १६ सप्टेम्बर

**आपको जन्मदिन पर बहोत बहोत बधाई...**

आपका आनेवाला हर पल आपके और आपके परिवार के लिये चि. नीती के साथ खुशियोंकी नई सौगाद लेकर आये। सफलता के लिये आपको परिवार और दोस्तों कि जरुरत है। पर अपार सफलता के लिये जीवनसाथी कि, जो आपके जीवन में आपकी जीवनसंगीनी बनकर आ रही है नीती । आपका और नीती का हर लम्हाँ फूल कि तरह सदा खिला खिला रहे। यही आशिर्वाद दे रहे हैं।

दादा-दादी : स्व. प्रमिला विशनजी गोशर परिवार

*हेपी बर्थडे प्यारे प्यारे जिजु को...*

सौ. पूजा रोहीन धुल्ला, वैभव, करन, नितीन
जन्मदिन पर दे रहे है... हार्दिक अभिनंदन !

### अमी आशिर्वाद

सासु-ससरा : सौ. जयश्री हिरेन गोसर परिवार
मम्मी-पप्पा : सौ. जयश्री हिरेन गोसर परिवार
चाचा-चाची : सौ. गीता विनोद दाघा परिवार
नाना-नानी : सौ. चंदनबाई सोमचंद मोमाया परिवार
नाना नानी : स्व. कमलाबेन लालजी छेडा परिवार
फई-फुआ : मीता वसंत खोना
फुई-फुआ : केतना किशोर खोना और
सौ. मिनल पियुष दंड एवम समस्त परिवार

-: सौजन्य :-

निमाड रोडवेज-खंडवा : ९४२५०८५५२७

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**

ડો. વેલજી પાશ્વીર ગોસર

**"સમીક્ષા"**

સનત્ શાહ અને

ગોવિંદજી જીવરાજ લોડાયા

**"પ્રકાશ સમીક્ષા"**

સનત્ શાહ

**: તંત્રી :**

રાયચંદ આર. નાગડા

**: સહતંત્રી :**

ચંપક જીવાણી

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**



**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | - |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | - |



**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**



**નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.**


## મૃત્યુ સમયના વહેવારો

*- ચંદ્રસેન મોમાયા*

બાળ જન્મ, સગાઈ અને લગ્ન એ માનવજીવનના ખુશીના પ્રસંગો છે, તેમ સ્વજનનું મૃત્યુ પણ સાંસારિક જીવનનો વ્યવહારિક પ્રસંગ છે. ખુશાલીના પ્રસંગે થતા સામાજિક વ્યવહારો લાંબા-ટૂંકા કે કેવા રાખવા તે આજે વ્યક્તિગત કે કૌટુંબિક બાબત ગણાય છે. અલબત્ત, મૃત્યુ સંબંધી વ્યવહારો આજે પણ સામાજિક બાબતો ગણાય છે અને તેને લોકલાજે જાળવવા લોકો ભાવુકતામાં તણાય છે. કોઈ કંઈ કહેશે એમ સમજીને આર્થિક પહોંચ કરતાંય લાંબા વહેવાર કરે છે.

તાજેતરમાં બહારગામમાં એક બનાવ બન્યો સામાન્ય આર્થિક સ્થિતિવાળા કુટુંબમાં એક નાની વયનું કમાવનાર સભ્યનું મૃત્યુ થયું. નાની વયનું અકાળે મૃત્યુ છે એટલે સાંત્વન આપવા જવું જ જોઈએ એમ વિચારીને સેંકડોની સંખ્યામાં સગાઓ પ્રાર્થનાસભામાં ત્યાં શામેલ થયા.. જે માટે તેમણે દરેકે સરેરાશ દોઢથી બે હજાર રૂપિયાનો ખર્ચ કર્યો હશે. સામાન્ય સ્થિતિના જે પરિવારમાં નાની વયનું મૃત્યુ થયું તેમણે પણ સ્થાનિક પરિચિતોની મદદથી ઘણાં બધા લોકોના જમવા તથા રહેવાની વ્યવસ્થા કરવી પડી.

પાછા ફરતી વખતે તેમાંના ઘણાને વિચાર આવ્યો કે જે ખર્ચ તેમના જેવા ઘણાં લોકોએ સાંત્વના આપવા કર્યો તે એકત્ર કરવામાં આવે તો એટલી સારી રકમ થઈ જાત કે એ કુટુંબ સામે હવેના વખતમાં જે અનિશ્ચિતા છે તે દૂર કરવામાં મોટી સહાય થઈ હોત.

આવા ઘણાં પ્રસંગે ઘણાં સારા વિચાર પ્રકટ થતા હોય છે. પણ તે અંગે વ્યવસ્થિત સામૂહિક વિચારણા કેવી રીતે કરાય અને નિષ્કર્ષને આધારે નવા રિવાજ નક્કી કરવાનો અધિકાર કોનો તે બાબત સ્પષ્ટતા ન હોવાથી તે એક સારી સામાજિક પ્રથા (રિવાજ) બની શકતા નથી.

કદાચ એ જ કારણે કેટલાક જ્ઞાતિજનોને બળવાખોરી નોંધાવીને મૃત્યુ પ્રસંગે કોઈ જ સામાજિક વ્યવહાર ન રાખવા જેવો અંતિમવાદી નિર્ણય લેવો પડે છે.

આપણે સામાન્ય રીતે આવી ઘટના બને ત્યારે જ તે સંબંધે વિચાર કરતા કોઈએ છીએ તેને બદલે આવી ઘટના બને તે વખતે જ કંઇક નક્કર પગલાં લેવાની શરૂઆત કરીએ તો થોડો સમય લોકોને કદાચ થોડું વિચિત્ર લાગશે પણ જ્યારે એમ કરવાના કારણોની તેમને જાણ થશે તો તે પછીની આવી ઘટના વખતે ત્યારે વધુ લોકો આ રીતે વર્તવા પ્રેરાશે અને એમ કરતાં તે એક સારી રચનાત્મક પરંપરા બની જશે. મોટાભાગના સમયોચિત સુધારા આવી રીતે જ અપનાવાયા છે.

એક સમયે મૃત્યુના શોક (સુગ) કેટલા સમય સુધી રખાતા અને રોવાના, મોં ઢાંકવાના, સાદડી, માસીસા, છમાસી, વરસી વગેરે રિવાજો ભલે બધાને નહીં તો પણ વ્યવહારિકપણે બધા સગાને પાળવા પડતા.. ઘરનાં તો સારા પ્રસંગોને વરસ સુધી ટાળી દેતા !

આ ઉપરાંત અગાઉ જે મૃત્યુપછી કરવાના માસિક, ત્રૈમાસિક અને છમાસિક રિવાજો હતા તેમાંથી હવે મોટાભાગના વિસરાઈ ગયા છે. જોકે સદગત પાછળ અંતરાયકર્મની પુજા કરવાનું વલણ હજુય છે. અલબત્ત, પરંપરાપ્રિય લોકોમાં માસિક, ત્રૈમાસિક અને છમાસિક તેમજ વાર્ષિક તિથીએ દાનધર્મ કરવા ચલણ છે.

કેટલાક લોકો પત્રોમાં જાહેરાત આપવાને પોતાના સંબંધીઓને યાદ કરવાનું એક પ્રચલિત માધ્યમ માને છે પણ તેમાં અતિરેક પણ ન થવો જોઈએ.. મૃત્યુ પાછળના રિવાજોમાં સાદગી, સરળતા અને ખરેખર સ્મરમાંજલિની ભાવના જળવાઈ રહેવી જોઈએ.

## ''કચ્છી કાવની સરવાણી''

(સંકલનકાર - સોમ ધરમશીં)

**કવિ તેજ - મણકો - ૧૬**

બે પંક્તિઓ નો મર્મી કવિ

## નિસર્ગ અને પ્રકૃતિનાં ગીતો

### વર્ષાઋતુ

કવિ તેજનાં વર્ષાઋતુનો બીજો ભાગ લખવા બેઠો અને ત્યાં તો નભમાં મેઘાડંબર છવાઈ ગયો અને મેઘરવો (ઝીણો ઝાકળ જેવું પડતું વાદળ) વરસવા લાગ્યો.

કેટલાક દિવસો પછી કચ્છની ખમીરવંતી ધરતીનાં છોરુની પ્યાસ બુઝાવા લાગી અને તેણે મેઘરાજાને રીઝવવા આદરેલા યજ્ઞોની સામે હાર માની મેઘો અનરાધાર વરસવા માંડ્યો. હું મારી મઢુલીની બહાર આ મેઘરાજાનાં સ્વાગતમાં ભીંઝાવા નીકળ્યો અને પલળતાં પલળતાં કવિશ્રી બાલમુકુન્દ દવેની પંકિતઓ -

**''આ શ્રાવણ નીતર્યો સરવડે કોઈ ઝીલોજી;**
**પેલાં રેલી ચાલ્યાં રૂપ હો કોઈ ઝીલોજી.''**

થી વર્ષારાણીનું સ્વાગત કરવા ગણગણવા લાગ્યો, ત્યાંજ રસોડામાંથી રાણી ટહુકયાં

**''હી શ્રાવણ નાય, ભદ્રો આય ભદ્રો - સે**
**પણ અધિક માસ, પુઠીયાજો ભદ્રો.''**

મનમાં વિચાર્યું શ્રાવણ હોય કે ભદ્રો, ભીંઝાવાની મજા માંણ્યલો માણે તે જ ઘણું અને મનમાં અન્ય ગુજરાતી સાહિત્યકારોની રચના વરસવા લાગી, ચાલો તમને પણ બે-ત્રણનો આસ્વાદ કરાવી કવિ તેજની રચનાને મમળાવી આ મણકો પુરો કરીએ.

પલળતા પલળતા નવોદિત કવિશ્રી સંદિપ ભાટીયાની કવિતા મનમાં મહેકવા લાગી...

**''આખું ચોમાસું તેં મોકલ્યું ટપાલમાં ને**
**પરબીડિયું ગયું ગેરવલ્લે;**
**હવે મારું ભીંજાવું ચડ્યું ટલ્લે.''**

સાથે સાથે કેટલીક ટેલી ફિલ્મની સ્ક્રીપટ લખનાર શ્રી દિલીપ રાવલની આ પંક્તિઓ સપનાં જોવાને મજબુર કરવા લાગી...

**''મને થવું તરબોળ હવે તો**
**ભીની ભીની રાતો લઈને,**
**આવ સજનવાઃ,**
**તું વરસાદી વાતો લઈને**
**આવ સજનવા.''**

હવે તો વર્ષારાણીએ પણ મન મૂકીને વરસવા માંડેલું. આંગણામાં નેવેથી ઉતરતાં પાણીની નદી વહેવા માંડેલી અને ભીંજાવા માટે પત્નશ્રીને સાદ પાડ્યો પણ તે આવ્યા નહીં અને (અમરેલીનાં સુવિખ્યાત કવિ સ્વર્ગસ્થ શ્રી રમેશ પારેખની અમર કૃતિ વહેતાં પાણીમાં મોકલી.)

**''અહીં આપણે બે અને વરસાદ ભીંજવે,**
**મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે;**
**થર થર ભીંજે આંખ કાન વરસાદ ભીંજવે,**
**કોને કોનાં ભાનસાન વરસાદ ભીંજવે...''**

શરદી થશે કે તાવ આવી જશે ના પત્નીશ્રીનાં વટહુકમની સામે જુકી જઈ ઘરમાં આવી કોરા થઈ (શરીરથી), મન તો હજી ભીંજાયેલું જ હતું. ગરમાગરમ ભજીયાનો આસ્વાદ લેતાં કવિશ્રી તેજની ગરીમાપૂર્ણ કલમે લખાયેલ વર્ષા ગીત તરફ વળ્યો.

### હલો જેડલું

**કાંભા વારેને કર્યું ઘા !,**
**હલો જેડલું કાંભા વારેને કર્યું ઘા.**
**મીંઅડ઼ા વઠા ને થિઈ નીરી કુંજાર સીમ,**
**સૅડ઼ા સૅડ઼ેંમેં આયો સા; વૅડ઼ેમેં, વિંગડ઼ીમેં,**
**છેલેમેં નીર છિલેં, લેરેંકે લોડે તો વા ! હલો જેડલું..**
**ભરી ભરી મુઠિયું મુતી વેરાણા,**
**મૉલ પગલા ખણે તો પા-પા;**
**કડ઼ોત્રા ચેંતા ત્રાડ઼ે-ત્રાડ઼ેને,**
**હાણે, હારી તું ખીર-ભત ખા... હલો જેડલું...**
**ફૂલડ઼ેંસેં વલું રે ડીં-રાત ફોરઈયું,**
**નેં વન-પન નચેં તૈ-થા;**
**સોનેરી વારેંસેં લંભ તો સોભે,**
**જાણે ઝુલે કો રૂપારો રા'... હલો જેડલું...**
**ભરોસા ડિઈ ડિઈ ભમરા ન આયા,**
**કિવેં કલિયું ત્યું વોય વોય મા !**
**માડૂએંજી જાતતો ઈ જ વડો ડુખ,**
**કરીં ગાલ કીં ચુખી ન-તા. હલો જેડલું...**
**જાગ્યો જોબર હાણે નજરુંએ જાગનિયું,**
**થીંધા ની ગોબણેજા ઘા;**
**ચાડ઼િયા જ રાતો-રાત ડિઈ અચેં નોંતરા,**
**પોય વૈયેં કૅડ઼ો વૅ ધ્રા ? હલો જેડલુ...**

**શબ્દ અર્થ :-** કાંભા : ઘાસના ભારા, જેડલ : સખી, વેડ઼ા-વિંગડી : મોટા-નાના વહેળા, વોકળા ને નીકો, કડોત્રા : એક પંખી, હારી-હાળી : ખેડૂત, વૈયો : એક પંખી, લંભ : નિરુપયોગી ઘાસની જાત, લોડે : હીંચાડ઼ે, વલું : વેલીઓ, થીંધાની : થાશે રે, 'ની' ટીપીકલ કચ્છી પ્રયોગ છે. ગોબણ : ગોફણ, ધ્રા : ડર

(પાછળ...)

તેજની માશૂકાઓ ત્રણ : કવિતા, વૃક્ષ અને પક્ષી. ત્રણેને એવા લડાવે છે કે વર્ડઝવર્થ અને શેલીનું સ્મરણ થાય. પ્રકૃતિપ્રેમનાં સૌથી વધુ કાવ્યો આ કવિ પાસેથી મળ્યા છે. કચ્છી માડુના વર્ષા પ્રેમની સૌથી ઝાઝેરી છાલક પણ એમને લાગી છે ! એટલે કવિ અહીં ગ્રામનારીના મુખે સખીઓને સંબોધન કરાવતાં ઊમળકાભર્યું વર્ષાગીત આપે છે. એનો લય પણ વરસાદી નદીના પ્રવાહ જેવો છે. સજીવારોપણ અલંકારનો પણ અનાયાસ વિનિયોગ થયો છે. કવિવર કારણીની 'ધમ્મ ધમ્મ ઘૂઘાટા કરંધો હલ્યો અચે વોંધલ પાણી' એ પંક્તિ સ્મરણે ચડે છે. શેઢે શેઢામાં જીવ આવે છે. મુઠ્ઠીઓ ભરીને બીજરૂપી મોતી વેરાણાં છે ને મોલ (પાક) પા પા પગલી માંડે છે, નવા ફૂલોથી વેલીઓ ફોરી રહી છે, વનેવનમાં 'તા થૈ તા થૈ' એવું નર્તન ચાલી રહ્યું છે. ઝીણું ઘાસ સોનેરી કેશ થકી સોહી રહ્યું છે, જાણે કોઈ રૂપાળો રાજવી ! જોબન જાગ્યું. નજરોયે જાગવાની, રખોપું કરવા રાખેલા ચાડિયા જ પંખીઓને નિમંત્રણ આપી આવે-એ બધામાં સુભગ સજીવારોપણ જ છે. પણ કવિનું પ્રકૃતિ સંબંધી દર્શન કંઈ કમ નથી. બલકે અદકેરું છે. વર્ડઝવર્થને પંખીઓ પર આવી અઢળક પ્રીતિ અને વૃક્ષો પ્રત્યે આટલી આત્મીયતા હોવાનું જાણ્યું નથી.

આ મણકાની કવિતા ''હલો જેડલું''નો રસાસ્વાદ શ્રી પ્રભાશંકર ફડકેના પુસ્તક ''કચ્છી કવિતા આસ્વાદના આલોકમાં''થી આભાર સહિત લીધેલ છે. વધુ આવતા અંકે...

Since 1984...
Lagna Deep



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

પધારો... અસ્સલ
કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી,
રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
Mob.: 7666688881
ગુરૂવાર બંધ

નમોનમ: શ્રી. ગૂરૂગુણસાગરસૂરયે



## સૂરિગુણ જન્મશતાબ્દિ નિમિતે નવધન સ્પે. ટ્રેન દ્વારા તીર્થયાત્રા

**મુંબઈથી પ્રસ્થાન રવિવાર, તા.૨-૧૨-૧૨ ● મુંબઈ આગમન રવિવાર, તા.૯-૧૨-૧૨**

પૂજ્ય ગુરૂદેવના જન્મશતાબ્દિ વર્ષને વરસીતપની આરાધના દ્વારા ઉજવણીને શાનદાર બનાવનાર વરસીતપના તપસ્વીઓને **હસ્તીનાપુર, પાલીતાણા, ૭૨ જિનાલયની** તીર્થયાત્રા કરાવવાનો મહાન અને અમુલ્ય લાભ શ્રી નવીનભાઈ ઉમરશી લઘાભાઈ ગંગર (નાગલપુર), શ્રી ધનજીભાઈ ગેલાભાઈ ગાલા ધનાશા (લાકડીયા) મે. એન.ડી. ડેવલપર્સ નવધન) લીધેલ છે. ભાગ્યશાળી પરિવારોને હાર્દિક ધન્યવાદ. ખુબ અનુમોદના...

વરસીતપના જે આરાધકો સ્પે. ટ્રેનમાં આવવા ઇચ્છુક હોય તેમણે રીફંડેબલ ડીપોઝીટના રૂપિયા ૧૦૦૦/- નીચેના સ્થળોએ ભરી નામ નોંધાવવા વિનંતી (ડીપોઝીટના પૈસા યાત્રા પૂર્ણ કરનારને જ પાછા આપવામાં આવશે)

**માટુંગા** : જન્મ શતાબ્દિ ઓફિસ, શાંતિનાથ ભુવન, બોર્ડિંગની બાજુમાં, શ્રધ્ધાનંદ રોડ, માટુંગા સં. હેમચંદ છેડા ૮૮૭૯૯૩૩૭૮૯ કાંતિભાઈ ગડા ૮૮૭૯૯૩૩૭૯૦ સમય : બપોરના ૨ થી ૫,

**ચીંચબંદર** : અ.ભા.અચલગચ્છ સંઘ ઓફિસ, ૧૧૦બી, ન્યુ હનુમાન બિ. કેશવજી નાયક રોડ, ચીંચબંદર, મું.૯, સં. મણીલાલભાઈ/નારાયણ-૨૩૭૨૯૩૦૪ સમય બપોરના ૧૨ થી ૫

**ઘાટકોપર** : ક.વિ.ઓ. ગ્રુપ, જીરાવલ્લા દેરાસર, દેરાસર લેન, ઘાટકોપર (ઈ), મુંબઈ-૭૭. સં. લહેરચંદ મસાલાવાળા : ૯૭૫૭૦૬૩૧૬૦ ભરત બોરીચા : ૯૮૬૯૩૧૪૫૮૧ સવારના ૧૦ થી ૧૨

**મુલુંડ** : વાસુપુજ્ય દેરાસર, ઝવેર રોડ, મુલુંડ (વે) સં. રમણીક વીરા ૯૩૨૨૧૦૯૩૦૮ સવારના ૯ થી ૧૧

**ડોંબિવલી** : સુવિધિનાથ દેરાસર, માનપાડા રોડ, ડોંબિવલી (ઈ) સ. મોરારજીભાઈ-૦૨૫૧-૨૪૫૭૩૧૮ સાંજે ૫ થી ૭

**બોરીવલી** : આશાપુરા સીલ્ક, ખોટ ચાલ, ગોયલ શોપીંગ સેંટરની સામે, એસ.વી.રોડ, બોરીવલી (વે), હરખચંદભાઈ સાવલા ૯૮૧૯૩૮૦૪૧૬ સવારના ૧૦ થી ૧.

**વિશેષ સંપર્ક પ્રીતશેશ દેઢિયા-૮૮૭૯૯૩૩૭૮૮**

**પૂ. સુરી ગુણ જન્મશતાબ્દિ મહોત્સવ સમિતિ**

મુલુંડનું એકમાત્ર ★★★★★ સર્વિસ આપતું એન્ટરટેનમેન્ટ ગ્રુપ

વિSAMO GROUP PARIWAR - MULUND

# વિસામો ગ્રુપ પરિવાર–મુલુંડ

## રમતીલા, ગમતીલા અને ચટકીલા હિન્દી ગીતોનો અનમોલ ખજાનો...

# શોલા જો ભડકે...



**Playback Singers**
**MRUDULA DESAI**
**SHAILAJA SUBRAMANIAM**
**SAAGAR KENDURKAR**

**Show Concept Designed by**
**MRUDULA DESAI**
**L. D. MASTER**

**Programme Anchor**
**PRASHANT RAO**

We give only quality programme

Bubble gum TOURS & TRAVELS

## શનિવાર તા. ૨૨-૯-૨૦૧૨
## રાત્રે ૮.૩૦ કલાકે
## મહાકવિ કાલિદાસ નાટ્યગૃહ, મુલુંડ

DESIGNERS & PRINTERS Compositors

| | | |
|---|---|---|
| લહેરચંદ દામજી મૈશેરી (L.D.) 98 92 45 03 58 | દિપક હિરાચંદ મોમાયા 93 23 64 83 98 | લીતીન મણીલાલ મોમાયા 98 69 20 61 08 |
| રાજેશ ડુંગરશી હેફા 98 92 46 45 55 | મહેશ હંસરાજ દંડ 93 23 90 07 39 | શરદ સોમચંદ લોડાયા 98 21 31 46 51 |

LD Master • C/o. Shop No. 3, Om Sainath Surendra Niwas,
• R. H. B. Road, Mulund (West) • **Tel. : 3292 4082**

Compositors - 9821441890

## Jainism : Religion that teaches 'ahimsa'

Jainism is one of the oldest religions in India. Twenty-four Tirthankaras (or pathfinders) beginning with the first, Lord Adinath Rishaba Deva and ending with the 24th, Lord Mahatar (599 BC - 527 BC) have guided the evolution of this religion which is based on being harmless. Come to think of it, if you become a harmless human being, not capable of harming any other sentient being, by thought, word or deed, you could be a candidate for `Moksh' because harmlessness makes you religious and spiritual without the need of prayers, visiting holy places or the intervention of priests! Even Gandhiji delineated this focal principle of Jainism, that is, 'ahimsa''.

Ahimsa' is easy to write about, lecture on and read, but very hard to put into actual practice, especially mental 'ahimsa' since we all have so much negativity collected over the lifetime in our mind. I feel that if you can practice mental - 'ahimsa' even for a day, you can achieve something great!

This is basically a religion of goodwill towards all. A committed Jain will be a strict vegetarian who believes in non-violence towards all sentient beings. Jainism believes in the most harmonious and peaceful coexistence with great emphasis on reverence for all forms of life. All life is sacred and every living creature has its unique place in the universe and has the fundamental right to exist. Hence, by consuming animal flesh, you share the sin of slaughter.

Jain philosophy of ecological harmony is the preservation of all environments. Jainism is not only a religion, but also a way of life. The principle of non-violence (ahimsa) is to live, let live and help others to, live. It is a peaceful message of harmony through compassion towards all living beings by tolerance and forgiveness. These principles. have flourished for centuries side-by-side with other schools of thought in ancient India. The teachings of twenty-four Tirthankaras have been a living legacy through the millennia.

Jains follow a strict code of conduct, like: Non-violence in thought, word and deed. To seek and speak the truth. To behave honestly and never to steal. To practice restraint and chastity in thought, word and deed. To practice non-acquisitiveness.

In the 20th century, the most vibrant example of lain influence (as I mentioned earlier) was Mahatma Gandhi. Perhaps, the greatest influence in our freedom struggle and the champion of non-violence that India has known. Gandhiji's' ahimsa helped in altering the entire course of Indian history. There are approximately ten million lams living in India today. They have made important contributions to the art and architecture of India.

The lams have built some of the most beautiful temples on hilltops and secluded valleys in India. Also they have built temples in North America, Europe, Far East and in some places of Africa. In North America, they have built temples in several cities in the United States and Canada. In fact, the idol of Lord Mahavira in a Jain temple in Houston, Texas has almost become a tourist attraction for tourists from all parts of the world. The Delwada Temple at Mount Abu in Rajasthan is one of the finest examples of Jain architecture.


**હાર્દિક અભિનંદન !**

જ્ઞાતિના ખમતીધર, બાહોશ અને કર્તવ્યનિષ્ઠ કાર્યકર **શ્રી શામજી નરસી દંડ** (સાંધવ-મુલુન્ડ)ની શ્રી અખિલ ભરત અચલગચ્છ જૈન સંઘના ઉપપ્રમુખપદે નિયુક્તિ થઈ છે એ આપણા સૌ માટે ગૌરવની વાત છે. આ ઉચ્ચ બહુમાન બદલ હાર્દિક અભિનંદન અને એ ગચ્છ ઉત્કર્ષની જવાબદારી નિભાવવા સર્વ યશ મળી રહો એજ શુભેચ્છાઓ..

**❋ શુભેચ્છક ❋**

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ**

**જયેશ જૈન** (અધ્યક્ષ)

**કિરણ દંડ-પ્રબોધ મુનવર** (મંત્રીઓ)

# પર્યુષણ પર્વમાં તપસ્વી યાદી – ૨૦૧૨

**ધન્ય આપની તપોભાવના-અહોભાવે કરીએ અનુમોદના...**

*(અઠ્ઠાઈ અને તેથી ઉપરની તપસ્યા કરનાઓએ પોતાનું પૂરૂં નામ અને હાલનું ગામ લખી મોકલવું)*

### મોટીસિંઘોડી

મુકેશ ભવાનજી લોડાયા ................. ૮

### પુના

સૌ. સંગીતા પ્રફુલ લોડાયા ............. ૮
જતીન કિશોર ધરમશી .................... ૮
સૌ.મધુરીબેન વિશનજી લોડાયા .... ૧૪પુર્વતપ
સૌ. નીતાબેન અજય દંડ ...... ૧૪પુર્વતપ
લીખેશ વિસનજી લોડાયા ...... ૧૪પુર્વતપ
સૌ. સ્વાતી લોખેશ લોડાયા ... ૧૪પુર્વતપ
સૌ. શ્વેતાબેન જ્ઞાનેશ ડાઘા .... ૧૪પુર્વતપ
મોહનલાલ જીવરાજ નાગડા ... ભાગ્યોદયતપ

### કલકતા

શાંતિલાલ વીરા .......................... ૧૧
અમીત માલાણી ........................... ૯
રક્ષા શાહ .................................... ૯
કોમલ વીરા ................................ ૮
ડીમ્પલ લાલકા ............................ ૮
દીપાલી મોતા .............................. ૮
સ્વીટી શાહ ................................. ૮
નિતીન શાહ ................................ ૮
અક્ષય શાહ ................................ ૮
હરેશ શાહ .................................. ૮
પ્રતિક શાહ ................................ ૮
ભક્તિ મારૂ ................................. ૮
કેતન મારૂ .................................. ૮

### નલિયા

ભચીબાઈ ભવાનજી ધરમશી ........... ૯
શ્વેતા અપુર્વ લોડાયા ...................... ૮

### સાંયરા

ખમાવંતી વાલજી ખોના .............. ૧૬
મધુરીબાઈ નવીનચંદ લોડાયા .............. ૮

### રાપરગઢવારી-નાનીસિંઘોડી

નિલેશ માણેકજી મોતા ................ ૧૬
યશ હિતેશ નાગડા ........................ ૮
નિકુંજ પ્રફુલ નાગડા ...................... ૮
હિત સુરેશ નાગડા ......................... ૮
જીતેન દિલીપ નાગડા ...................... ૮
ભોજરાજ ભવાનજી નાગડા ........... ૮
તરલાબેન તારાચંદ મોતા ................. ૮
રેખાબેન રમેશ નાગડા .................... ૮
ખુશાલ જીવરાજ લોડાયા ................ ૮
ભુપેન ખુશાલ લોડાયા .................... ૮
કુ. રીતીકા લલીત લોડાયા ................ ૮
ગુલાબ કાનજી મૈશેરી ..................... ૮

### યવતમાલ

મેહુલ ભરત લોડાયા ....................... ૮

### ઇચલકરંજી

શ્રીમતી તોરલ પ્રિતેશ નાગડા ............ ૮

### વડાલા

તરલા હરીશ લોડાયા ...........ચૌદપૂર્વતપ
જયશ્રી પરેશ ધરમશી ..........ચૌદપૂર્વતપ
રેવંતી પ્રફુલ દંડ ..................ચૌદપૂર્વતપ

## પાસ થયા અભિનંદન !



મેહુલ હિંમતલાલ માલદે
(ડોંબિવલી)
B.Com.(A&F)80%



કેવલ નવીન વિકમશી
(વડોદરા) પ્રથમ વર્ગ
Dip. in Civil Engg.



દિપ કિરીટ દંડ
(ડોંબિવલી)
Comp. Engg-74.70%



ભાવેશ નરેન્દ્ર દંડ
(ભાયખલા)
MBA (Fin.) 1st Class

**વિમલનાથ જો સાથ**

*મિલેઓ પાંકે વિમલનાથ જો સાથ*
*અજ થેઓ મહાવીર નગર જો નાથ*
*અંતરજાળમેં અંધર ઉતરી વેંધા,*
*જેંજા ફળધા જીયણ મેં જાપ !*
*– કવિ તેજ*

**તપસ્વીઓની નામાવલી દરેક સંઘે તુરંત મોકલવા વિનંતી છે.**

## અગત્યની સુચના

***ઈન્ટરનેટ-મેલ વ્યવસ્થાથી મોકલેલ મેટરની પ્રિન્ટઆઉટ ટપાલ/કુરીયર દ્વારા અવશ્ય મોકલવી સી.ડી.ની મેટરની પ્રિન્ટઆઉટ પણ મોકલવી. ક્યારે કોઈ ટેક્નીકલ કારણસર એ મેટરની કોપી લેવાનું શક્ય ન બને ત્યારે પ્રિન્ટઆઉટથી આગળનું કામ ચલાવી શકાય, ઈન્ટરનેટથી મોકલેલ મેટર શક્યતઃ .jpg, .pdf, .cdr open format માં covert to curve કરી મોકલવી જેથી font પ્રોબ્લેમ ન થાય.***

## અગત્યની સુચના

***દરેક મહાજને, સંસ્થાએ જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટુંકમાં, મુદ્દાસર સુવાચ્ય અક્ષરે લખી નિયમિત મોકલવા.***

***જા.ખ. દાતાએ પોતાના નામ-સરનામા-ફોન-ઈમેઈલ લખી મોકલવા. જા.ખ. મોકલવા સાથે જા.ખ.ની સાઈઝ અને તે મુજબ નિયત પેમેન્ટ ચેક/ડ્રાફ્ટથી સાથે જ મોકલવા. બાકી રહેતા જાહેરાત પેમેન્ટ હિસાબોની સરળતા માટે તુરંત મોકલવા. આપને મળતા અંકના સરનામા સ્ટીકરમાં કંઈ ફેરફાર હોય તો લખી જણાવવું. અંક ન મળતાની ફરીયાદ ચોક્કસપણે વિગતવાર લેખિત મોકલવી. નવું સરનામું મોકલતા અંક મળતા હતા તે મૂળ નામ, અટક, સરનામું જરૂર જણાવવું તો જુનુ સરનામું રદ કરી નવું સરનામું નોંધાશે.***

# આહાર શુદ્ધિ

ગાંધીજીએ એક વાત પર ખૂબ ભારપૂર્વક સહુનું ધ્યાન ખેંચ્યું હતું. તે છે અસ્વાદ-વ્રત, અસ્વાદ કંઈ નવી બાબત નહોતી પરંતુ તેનું જે વ્રત બનાવ્યું તે નવી બાબત હતી. અહિંસા, સત્ય વગેરેની જે વ્રતમાળા બની છે તે પુરાણી છે, તેમાં અસ્વાદનું નામ નથી. પરંતુ તેની અત્યંત આવશ્યકતા સમજીને બાપુએ તેને વ્રતમાં સ્થાન આપ્યું. તેઓ બહુ વિચક્ષણ પુરુષ હતા. જમાનાને પરખનાર, એટલે એ જમાનામાં કઈ કઈ બાબતોની જરૂર પડશે. તેને દૂરદષ્ટિથી તેઓ જોઈ શકતા હતા.

અસ્વાદ-વ્રતને ઉપનિષદમાં "વૈશ્વાનર વિદ્યા" નામ અપાયું છે. તેને બ્રહ્મપ્રાપ્તિનું સાધન માનીને વૈશ્વાનર અગ્નિની ઉપાસના બતાવેલી. વૈશ્વાનર એ છે જે પેટમાં પડેલા અન્નને પચાવે છે. એ વૈશ્વાનરને બ્રહ્મનું પ્રતીક સમજીને તેની ઉપાસના બતાવી છે. **પ્રાણાય સ્વાહા** ઈત્યાદિ પંચાહુતિ બતાવી. વનકુંડમાં આહુતિ આપવાની છે. આનાથી અદકેરું વર્ણન શું હોઈ શકે? અસ્વાદ-વ્રતનું નામ ન લીધું. પણ સાક્ષાત્ ઉપાસના બતાવી. જમવા બેઠા એટલે વૈશ્વાનર ભગવાનને આહુતિ દેવા બેઠા. જે ચીજ ઉપાસનામાં આવે, તેનો અર્થ વ્રતથી ઓછો ન થાય, બલ્કે થોડો વિશેષ જ થાય.

ખાવું એટલે ચરખામાં તેલ ઊંજવું. ચરખામાં કોઈ બિલકુલ તેલ ન ઉંજે અથવા કોઈ શીશી ભરીને તેલ ઊંજે તો પણ એને અજ્ઞાની કે મૂર્ખ માનીશું. તેવી જ રીતે પેટમાં વધુ પડતું ઓરવું તે આસક્તિ કે અજ્ઞાન છે. ઓછું ખાવું તે પણ આસક્તિ કે અજ્ઞાન જ છે. તેથી શરીરનું ભાડું સમજી તેને યોગ્ય આહાર દેવો.

આપણે લોકો ભોજનની સાથે સંસ્કૃતિના નામે એક વિકૃતિ પેદા કરી છે. પ્રકૃતિમાં ભોજન માટેનો એવો ઉત્સાહ નથી હોતો, જેવો આપણા ભોજનમાં હોય છે. જાનવરોને ભોજનમાં એટલી જ લગની હોય છે જેટલી પેટ ભરવા માટે હોય. પરંતુ પાળેલા જાનવર વધુ ખાઈ લે છે. મનુષ્યના સંપર્કથી દૂર રહેલાં જાનવર વધુ ખાતાં નથી. સિવાય કે વાઘ વગેરે. મનુષ્ય એકમેકને આગ્રહ કરીને ખવરાવે તે પણ વિકૃતિ. નામ તેને આપે સંસ્કૃતિનું, પ્રકૃતિથી નીચે ઊતરવું તે વિકૃતિનું લક્ષણ છે.

વસ્તુતઃ શું ખાવું અને શું ન ખાવું તેનું જ્ઞાન આપનાર યંત્ર છે જીભ. પરંતુ તેનો દુરુપયોગ કરીને આપણે તેને નકામું બનાવી દીધું છે. એક શરીરમાં જ જેનો એકમેક સાથે સુમેળ હોવો જોઈએ, તેના વચ્ચે આપણે દ્વંદ્વ-યુદ્ધ કરાવતા રહીએ છીએ. પણ એ પેટ ના કહે છે, તો અહીં જીભને લઈને આપણે તેના પર જુલમ કરીએ છીએ અને આમ બંનેને બગાડીએ છીએ. મારા શરીર માટે ક્યો ખોરાક ઉચિત હશે તે કોઈ અન્ય વ્યક્તિ કે ડોક્ટરે કહેવું પડે, તો તે એવું હશે કે, જો આંખ કાનને પૂછશે કે પેલો ઝંડો કેવો છે? એ તો આપણને ખુદને જ ખબર હોવી જોઈએ કે પોતાને ક્યો ખોરાક અનુકૂળ છે. જેની જાણ જીભ દ્વારા આપણને થાય છે.

શંકરાચાર્યે ઉપદેશ પંચકર્મમાં કહ્યું છે, ભૂખને બીમારી સમજીએ. ક્ષુદ્વ્યાધિઃ ચ ચિકિત્સ્યતામ્. વ્યાધિની ચિકિત્સા કરવાની હોય છે. ક્ષુધારૂપી રોગની ચિકિત્સા કરવી. કેટલી ભુખ છે? બે કેરીની? યા ત્રણ કેરીની ? કેટલી ભૂખ છે તે જાણવું અને તેટલું જ ખાવું. તેને ઔષધ પણ કહ્યું. પ્રદિનિં ભિક્ષૌષધમ્ - દરરોજ ભિક્ષારૂપી ઔષધ લેવી. અમે ભિક્ષાનો અર્થ કર્યો છે, સમાજની વધુમાં વધુ સેવા કરીને, સમાજ તરફથી જે મળે તેને પ્રસાદ સમજીને ગ્રહણ કરવું. ઉપનિષદ્‌ની પણ આજ્ઞા છે કે ઔષધવત્ અશનમચારેત્ , જેં કંઈ ખાઈએ તે ઔષધ જેમ ખાઈએ, ન ઓછું, ન વધારે.

મેં અનેક જગ્યાએ જોયું છે કે ભોજનની બહુ ઉપેક્ષા થાય છે. એટલે કે તેનો બહુ અનાદર થાય છે. ભોજન માટે પ્રેમ ખૂબ છે, પણ આદર નથી. આદરવિહીન પ્રેમ છે. જરૂર છે આદરયુક્ત પ્રેમની, આદરયુક્ત ભોજન કરવાની. ભોજન એક યજ્ઞ-ક્રિયા છે, એક હોમ ક્રિયા છે, એમ સમજીને ભોજન થવું જોઈએ. તેવી જ રીતે રસોઈ પણ આદરયુક્ત બનવી જોઈએ. માતા રસોઈ બનાવે છે તો તે કામ બહુ ગૌરવનું છે.

આ એક શિક્ષણનો વિષય છે, પરંતુ એ કામ માતાઓના હાથમાં રહેવું જોઈએ. સારામાં સારી રસોઈ બનાવવી, બાળકોને પ્રેમપૂર્વક ખવરાવવી, એમાં કેટલું જ્ઞાન અને પ્રેમભાવના ભરી છે. રસોઈનું કામ અગર બહેનો છોડી દેશે તો તેના હાથમાંથી જ્ઞાન-સાધન અને પ્રેમ-સાધન જ ચાલ્યું જશે. ભગવાને બાળકને ભૂખ દીધી અને માને દૂધ પિવડાવવાની પ્રેરણા આપી. આ રીતે બચપણથી મા થકી પ્રેમની તાલીમ અપાય છે. પોતાના હાથે રસોઈ બનાવીને બાળકને ખવડાવવું તેનાથી ચઢિયાતી વશીકરણશક્તિ બીજી કઈ હોઈ શકે? ગાંધીજીએ પણ અમને લોકોને રસોઈ પીરસી છે. એનાથી વધુ સેવા બીજી કોઈ હોઈ ન શકે. માતૃવાત્સલ્યની બહુ ઉંચી કિંમત છે. તેથી હું તો રસોઈકામને બહુ મોટું ગણું છું અને કહું છું કે સંગીત, ચિત્રકળા, નૃત્ય જેવી લલિતકળાઓ ફાઇનઆર્ટ છે, પરંતુ રસોઈ કરવી તે તો એનાથી ચડિયાતી-ફાઇનર આર્ટ છે. આ કળા પણ માતાની બહુ મોટી શક્તિ છે.

સ્વાદિષ્ટ ખોરાક ખાનારાને ચીજના અસલી સ્વાદની ગતાગમ જ નથી હોતી. સ્વાદને લઈને તેઓ ખાય છે,

તો ખરાબ ચીજને પણ સ્વાદિષ્ટ ચીજો રૂપે પેટમાં ઓર્યા કરે છે. એમ ચીજના અસલી સ્વાદને તેઓ જાણતા જ નથી. શહેરીજનોને અસલી શુદ્ધ તાજા દૂધના સ્વાદની પરખ નથી. એમને એ અસલી સ્વાદની જાણ તો ત્યારે થાય જ્યારે ગામડે જઈ ગાયનું તાજું દોહેલું દૂધ પીવે.

રસના-જયનું એક વિશેષ મહત્ત્વ છે, જેના તરફ સાધકોનું ધ્યાન ગયેલું પણ સમાજનું અને સમાજના આગેવાનોનું ધ્યાન નહીં ગયેલું. અસ્વાદ-વ્રતનો વ્યક્તિગત લાભ તો જેણે પ્રયત્ન કર્યો છે તેમને મળ્યો છે. હવે જો તેના આધારે શિક્ષણશાસ્ત્ર ખડું કરીએ તો તેનું સામાજિક પરિણામ બહુ વ્યાપક આવી શકે. ચૈતન્ય મહાપ્રભુની વાત જાણીતી છે. તેમના ગુરુએ તેમની પરીક્ષા લેવા સારું એમની જીભ ઉપર સાકરની ગાંગડી મૂકી અને પછી થૂકી નાખવા કહ્યું. જ્યારે થૂંકી ત્યારે સાકર જેવી ને તેવી સૂકી હતી. જીભની લાળનો સહેજ પણ સ્પર્શ સાકરને નહોતો થયો. આ કંઈ જેવી તેવી વાત નથી. પણ સાધનાની સફળતાનું એક મહત્ત્વપૂર્ણ માપદંડ રસના-જય છે. તેથી અસ્વાદ એક વ્રત બન્યું.

મહાવીરનું મહત્ત્વનું વાક્ય છે : ધર્મલબ્ધં મિતં કાલે યાત્રાર્થં પ્રણિધાનવાન. નાતિમાત્રં તું ભુંજીત બ્રહ્મચર્ય-રતઃ સદા જે મનુષ્ય બ્રહ્મચર્ય-રત છે તેમના વિશે બતાવે છે કે કેટલું ખાવું, શું ખાવું, ક્યારે ખાવું, વગેરે ૧) આપણે જે ખાઈએ તે અન્યાય-અધર્મથી તો મેળવેલ નથી ને ? ૨) પરિમિત એટલે જાતે નિશ્ચિત કરે. એટલું જ દૂધ, તેટલાં જ કેળાં, જે આપણે નિશ્ચિત કર્યું હોય. મિત્ત એટલે માપેલું. ૩) નિશ્ચિત સમય પર ખાવું. ખાવાનો સમય વીતી ગયો તો ખોરાક છોડી દેવો. ૪) શરીર યાત્રાર્થે ખાવું. (સ્વાદ માટે નહીં) ૫) નમ્રતાપૂર્વક ખાવું અર્થાત્ ઉપકૃત ભાવનાથી ખાવું. ૬) સમતુલિત ખાવું.

લોકો માને છે કે તપથી શરીર ક્ષીણ થાય છે. તે માન્યતા ખોટી છે. શરીર તો ભોગથી ક્ષીણ થાય છે. તપથી તો શરીર પુષ્ટ થાય છે. એ વાત જુદી કે આરંભે થોડા સમય માટે શરીર ક્ષીણ થાય. પણ પછી તો ક્ષીણતા દૂર થઈ જાય છે. તપનો હેતુ શરીરને પુષ્ટ, મજબૂત કરવાનો છે. ક્ષીણ કરવાનો નથી.

સાત્ત્વિક આહારથી સુખ, સ્વાસ્થ્ય, આયુષ્ય વધે છે. તે સમજી શકાય છે. પણ પ્રીતિ એટલે પ્રેમ, અહિંસા શી રીતે વધે? ૧) સાત્ત્વિક આહારથી સત્ત્વગુણ વધે છે, વિકાર શમે છે અને ચિત્તશુદ્ધિમાં મદદ મળે છે. ૨) તેનાથી જગતમાં અશાંતિ ઘટાડવામાં મદદ મળે છે. એટલે આધ્યાત્મિક દૃષ્ટિથી જ નહીં, જગતભરમાં શાંતિ સ્થાપના માટેના સામાજકિ હેતુ માટે પણ **આહારશુદ્ધિના** મહત્ત્વને સમજવું જોઈએ. ***(સંકલિત)***

## પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ

જન્મ
૧૦-૪-૧૯૫૨



અરિહંતશરણ
૧૬-૯-૨૦૧૧

**સ્વ. શ્રી હિરાચંદ શામજી મૈશેરી** (કોઠારા-કલ્યાણ)

***ભુલ્યા નથી, ભુલીશું નહી તમને, ભુલી જવાય જગ ભલે,***
***તમે ભુલાશો નહીં...***
***આપના સિંચેલા સંસ્કાર, ગુણોનો વારસો અમારા જીવનની***
***અણમોલ મુડી છે,***
***સહુના દિલમાં જેમનું સ્થાન હતું એવા પાવનકારી આત્માને***
***પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ આપે એજ પ્રાર્થના....***

આપના વિના અધુરા અમે સૌ...

ધર્મપત્ની : **લીલાવંતી હિરાચંદ મૈશેરી**
પુત્રો-પુત્રવધુઓ : **સૌ. ગીતા પ્રકાશ મૈશેરી ● સૌ. કીંજલ જયેશ મૈશેરી**
પુત્રી-જમાઈ : **સૌ. નિલમ લોકેશ દંડ (તેરા) ● સૌ. ભાવના સુનીલ મોમાયા (સાંયરા)**
પૌત્રી : **દીવ્યા પ્રકાશ મૈશેરી**
દોહીત્રા : **ભાવિક લોકેશ દંડ ● કૌશીક સુનિલ મોમાયા**

॥ શ્રી અનંતનાથાય નમઃ ॥

## ન્યુ અનંતભુવન ટેનન્ટસ્ એસોસીયેશન

કાર્યાલય : C/o. 115, ન્યુ અનંતભુવન, ૨૫૭-૨૬૫ શેઠ નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯

**શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિજનો જોગ,**

### ન્યુ અનંતભુવન રીપેર અંગે અપીલ

અમો ન્યુ અનંતભુવન ૨૫૭/૨૬૫ નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ ૪૦૦૦૦૯ના ભાડૂત મંડળ વતી સર્વે પદાધિકારીઓ સર્વે ભાડુતો તરફથી જણાવીએ છીએ કે ઉપરોક્ત મકાનનું સર્વે કરાવતાં જાણવા મળ્યું છે કે સદર મકાન હવે રહેવાની હાલતમાં નથી અને ગમે ત્યારે ધરાશયી થઈ શકે છે જેથી જાનહાની/માલહાની થઈ શકે છે. હાલની પરિસ્થિતિમાં એનું રીપેરીંગની શક્યતા નહીંવત છે. આ પહેલા પણ પાંચ વર્ષે પૂર્વે રીપેરીંગ થયેલ છે પણ જુના વખતમાં આગ લાગવાના કારણે એનો પાયો સાવ હચમચી ગયો છે.

શ્રી અનંતનાથ ટ્રસ્ટની માલીકીનું મકાન હોવાથી હાલના ટ્રસ્ટબોર્ડ સાથે આ સંબંધી વાત થઈ. એમના કહેવા પ્રમાણે રીપેરીંગનું ખર્ચ રૂા. કરોડમાં હોવાથી તેમજ રીડેવલપમેન્ટનું કામ હાલની પરિસ્થીતી અનુસાર હાલના તબક્કે અશક્ય છે.

આથી અમે જ્ઞાતિજનો નમ્ર નિવેદન કરીએ છીએ કે આપણી જ્ઞાતિનાં આ મકાનનું તેમજ ભાડુતોનું હિત સચવાઈ જાય એવો કોઈ પણ **વિકલ્પ** હોય તો જેમ બને તેમ જલ્દીથી બતાવે અને જાનહાની/માલહાની ન થાય અને જ્ઞાતિની માલીકીના મકાનનું જતન થઈ શકે.

ઉપરોક્ત બાબત બહુજ ચિંતાજનક છે માટે એક મહીનાની અંદર આ બાબતે સહકાર-માર્ગદર્શન અમો આપ જ્ઞાતિજનો પાસેથી અપેક્ષા રાખીને સહયોગ માગેલ છે જેથી ઘટતું કરવા નમ્ર નિવેદન.

આપના રૂડા સાથ સહકારની અપેક્ષા સાથે,

**શ્રી ન્યુ અનંતભુવન ટેનન્ટસ્ અસોશિયશન વતી (પદાધિકારીઓ)**

## અનુમોદના



**કુ. નેહા દિપક લાપસીયા** (દલતુંગી-નાંદેડ)

*ધન્ય તારી તપોભાવના*
*વધી જિનશાસનની પ્રભાવના*

કુ. નેહાએ દેવ-ગુરૂની કૃપાથી પ્રથમ ગૌતમલબ્ધિ તપ અને સલંગ્ન સોળભત્તાની તપસ્યા શાતાપૂર્વક પૂર્ણ કરેલ છે.

### અભિનંદન - અનુમોદના...

**શા. લક્ષ્મીચંદ સામજીભાઈ લાપસીયા પરિવાર** (દલતુંગી-નાંદેડ)

**શ્રીમતી તારાબેન કુલીનકાંત લોડાયા પરિવાર** (બોરાઈ-જલગાવ)

## Treat for All...

| | | | | |
|---|---|---|---|---|
| 3 | | 5 | | 6 |
| | 5 | = | 2 | |
| 9 | | 4 | | 3 |

Start

**1 Number Chain**

Use signs of +, -, x & ÷ and complete the chain.

| | | | | |
|---|---|---|---|---|
| 5 | | 3 | | 2 |
| | 1 | = | 2 | |
| 7 | | 7 | | 3 |

Start

**3 Number Chain**

Use signs of +, -, x & ÷ and complete the chain.

**2 Number Scope**

With following figures fill the blanks in such a way for totals given. 2, 3, 3, 4, 5, 6, 7, 8

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 5 | x | | + | | = | 43 |
| x | ■ | x | ■ | x | ■ | ■ |
| | + | | x | | = | 65 |
| + | ■ | ÷ | ■ | - | ■ | ■ |
| | x | | x | | = | 24 |
| = | ■ | = | ■ | = | ■ | ■ |
| 39 | ■ | 16 | ■ | 13 | ■ | ■ |

**4 Number Scope**

With following figures fill the blanks in such a way for totals given. 3, 3, 4, 5, 6, 7, 9, 9

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 6 | + | | + | | = | 17 |
| x | ■ | + | ■ | + | ■ | ■ |
| | x | | - | | = | 76 |
| ÷ | ■ | + | ■ | + | ■ | ■ |
| | x | | + | | = | 21 |
| = | ■ | = | ■ | = | ■ | ■ |
| 18 | ■ | 22 | ■ | 12 | ■ | ■ |

**4 Answer**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 6 | + | 7 | + | 4 | = | 17 |
| x | ■ | + | ■ | + | ■ | ■ |
| 9 | x | 9 | - | 5 | = | 76 |
| ÷ | ■ | + | ■ | + | ■ | ■ |
| 3 | x | 6 | + | 3 | = | 21 |
| = | ■ | = | ■ | = | ■ | ■ |
| 18 | ■ | 22 | ■ | 12 | ■ | ■ |

**1 Answer**

| | | | | |
|---|---|---|---|---|
| 3 | x | 5 | - | 6 |
| ÷ | 5 | = | 2 | ÷ |
| 9 | − | 4 | + | 3 |

Start

**2 Answer**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 5 | x | 8 | + | 38 | = | 43 |
| x | ■ | x | ■ | x | ■ | ■ |
| 7 | + | 6 | x | 5 | = | 65 |
| + | ■ | ÷ | ■ | - | ■ | ■ |
| 4 | x | 3 | x | 2 | = | 24 |
| = | ■ | = | ■ | = | ■ | ■ |
| 39 | ■ | 16 | ■ | 13 | ■ | ■ |

**3 Answer**

| | | | | |
|---|---|---|---|---|
| 5 | − | 3 | x | 2 |
| + | 1 | = | 2 | + |
| 7 | − | 7 | ÷ | 3 |

Start


**શુભેચ્છા સહ...**

Laxmichand Dharshi

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404



શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


### સાંઘવનું ગૌરવ

અમારા ગામના મોભી, સક્ષમ અગ્રણી કાર્યકર **શ્રી શામજી નરશી દંડ** (મુલુન્ડ)ની અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના ઉપપ્રમુખપદે સર્વાનુમતે વરણી થઈ છે એ ઉપલબ્ધિ અને માન બદલ સાંઘવગામ ગૌરવ લે છે. ગચ્છ ઉત્થાનના દરેક કાર્યમાં સફળતા મળી રહે. શુભેચ્છાઓ એવી સમસ્ત દશા ઓશવાલ જ્ઞાતિની આન, બાન અને શાન વધારો એજ અભિલાષા....

: આપના શુભચિંતક :

**શ્રી ગોવિંદજી લાલજી પટેલ • શ્રી વિપુલ ઠાકરશી પટેલ**
**શ્રી વીરચંદ મેઘજી ખોના • શ્રી પ્રવીણ કુંવરજી મોતા**

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

### સાંઘવવાસીઓને હાર્દિક નિમંત્રણ

સાંઘવ ગામે તા.૨૨-૨૩-૨૪ નવેમ્બર ૧૨ના ત્રિદિવસીય ઉત્સવમાં પધારવા સર્વે ગામવાસીઓ તથા નિયાણી બહેનો પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**કાર્યક્રમ** : ૨૨-૧૧-૧૨નાં સવારે ૮.૩૦ કલાકે શ્રી શાંતિનાથ મહાપૂજન, ૧૨.૩૯ કલાકે સર્વ દેવી-દેવતા મહાપુજન અને તા.૨૩-૨૪ના શ્રી વાછરાદાદા, શ્રી લાલછતાપીર અને શ્રી પંજોરા પીરના પુજા-ભક્તિભાવના તથા શ્રી સચ્ચાઈ માતાજીની પહેડી પ્રસાદ રાખવામાં આવેલ છે તો સર્વેને સાંઘવ પધારવા આમંત્રણ છે.

**નિમંત્રક : શ્રી ગોવિંદજી લાલજી પટેલ** (સાંઘવ-મુલુન્ડ)

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।।

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ આયોજીત**

## સમુહ લગ્નોત્સવ-૨૦૧૨

**સ્થળ : આદિપુર (કચ્છ) તા.૮ અને ૯ -૧૨-૨૦૧૨**

શ્રી ક.દ.ઓ.. જૈન જ્ઞાતિને **સમુહ લગ્નોત્સવ-૨૦૧૨**માં જોડાવવા હાર્દિક આમંત્રણ છે. સમુહ લગ્નોત્સવમાં જોડાવવા ઈચ્છતા પરિવારોને વહેલામાંવહેલી તકે ફોર્મ ભરી સંસ્થાના કાર્યાલયમાં આપવા નિવેદન છે. હવે ફક્ત જુજ નામ બાકી છે.

આ વર્ષે સમુહ લગ્નોત્સવ-૨૦૧૨ અનોખું અને ભવ્યાતિભવ્ય રીતે ઉજવાનું છે અને તેમાં દાતાઓના ઉદાર સહયોગે વિશિષ્ટ કન્યાદાન થવાનું છે. આ પ્રસંગે જ્ઞાતિજનોને સહભાગી થઈ લાભ લેવા નિવેદન છે.

**-: નિમંત્રક :-**

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ**

| **જયેશ જૈન** | **ગોવિંદજી પટેલ** | **કિરણ દંડ** | **પ્રબોધ મુનવર** |
|---|---|---|---|
| અધ્યક્ષ | ઉપાધ્યક્ષ | મહામંત્રીઓ | |

**ફોર્મ મેળવવા માટે નીચે મુજબ સંપર્ક કરવા વિનંતી**

**શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગૃપ (મુંબઈ)-ફોનઃ(022)6680080**

ગોવિંદજી પટેલ-09820540949, કિરણ દંડ-09833808244

પ્રબોધ મુનવર-09925169876, લબ્ધી મોમાયા-09825351001

અરવિંદ લોડાયા-09825634649, ચંદ્રેશ છેડા-09425213540

।। જય જય શ્રી સચ્ચાઈ મા ।।

**શ્રી લાલા ગામના દંડ પરિવારના કુળદેવી**

## સચ્ચાઈ માંના ભાવિકોને હાર્દિક આમંત્રણ

**શુભ-માંગલિક કારણસર પ્રતિમા પ્રતિષ્ઠા પ્રસંગ કાર્યક્રમમાં તારીખ-સમય ફેરફાર**

"સચ્ચાઈ મા"ની નૂતન આરસની દિવ્ય અલૌકિક પ્રતિમાની પ્રતિષ્ઠા પ્રસંગે કાર્યક્રમની નવી રૂપરેખા **તા.૨૬-૧-૧૩** શનિવારના સવારના નવ વાગે ભુજથી ગજોડ અને ગજોડથી લાલ **તા.૨૭-૧-૧૩** રવિવારના દેવસ્થાનમાં પ્રતિમાની પ્રતિષ્ઠાવિધિ અને સાંજના ૭ કલાકે ભુજ માટે પ્રસ્થાન.. પધારનાર ભાવિકોએ ટીકીટ કઢાવી પોતાના નામો વહેલી તકે લખાવી દેવા, જેથી વ્યવસ્થા કરવાની સગવડ થાય.

**-: દર્શનાભિલાષી :-**

**શ્રી નવીન હીરજી દંડ** 09726939393

**શ્રી ગોવિંદજી (મંગલભા) ખીમજી દંડ** 09819877444

**શ્રી હિરાચંદ નરશી દંડ** 09322250268

**શ્રી સૂર્યકાંત હીરજી દંડ** 09322126602

**શ્રી મણીલાલ પદમશી દંડ** 09827039939

## સંસ્થા પરિચય : શ્રી હિતવર્ધક ગૃહઉદ્યોગ કેન્દ્ર-હુબલી

હુબલીમાં બહેનોની જહેમતે ચાલતું આ ગૃહઉદ્યોગ કેન્દ્ર સહકારી ધોરણે ચાલતા સફળ ઉદ્યોગનું જ્વલંત અને પ્રેરક ઉદાહરણ છે.

વર્ષો પહેલાં **માતુશ્રી ઈન્દુબેન ગોવિંદજી ધરમશી**ની પહેલ અને અથાગ મહેનતનું ફળ તે આ ગૃહઉદ્યોગ કેન્દ્ર. આજે તે ખુબ ધમધમતું, પ્રગતિના પંથે હરણફાળ ભરી રહ્યું છે. અહીં જ્ઞાતિની તેમજ અન્ય જરૂરતમંદ બહેનોને સારા જેવા મહેનતાણાં સાથે કામ આપી સ્વાવલંબી જીવન જીવવાની પ્રેરણા આપે છે. અહી કામ કરતી બહેનોને દરરોજ ફ્રૂટસ તથા સ્નેક્સ પણ આપવામાં આવે છે. દર વર્ષે એક દિવસીય પીકનીકનું આયોજન ગોઠવવામાં આવે છે જ્યારે દર ત્રણ વર્ષે આઠ દિવસીય મોટી ધાર્મિકયાત્રાનું જેવી કે પાલીતાણા, કચ્છ પંચતિર્થી એમ જુદા જુદા તીર્થ સ્થળે જ્ઞાતિની તેમજ અન્ય બહેનોને પણ પ્રવાસે લઈ જવાનું આયોજન ગૃહઉદ્યોગ કેન્દ્રના ખર્ચે કરવામાં આવે છે.

કેન્દ્ર જરૂરતમંદ જ્ઞાતિજનોને સાધર્મિક સહાય પણ કરે છે. તેમજ નાના હુન્નર ઉદ્યોગ માટે વગર વ્યાજે લોન પણ આપે છે. કામ કરતી બહેનોને પર્યુષણ પ્રસંગે પુજાની જોડ ભેટ અને દિવાળી સમયે અહીં કામ કરતી બહેનો બોનસ પણ અપાય છે.

આ વર્ષે પર્યુષણ પ્રસંગે જ્ઞાતિજનોને પડતરભાવે જરૂરત મુજબની મીઠાઈ તથા ફરસાણ પુરૂં પાડવામાં આવેલ તે ખરેખર પ્રશંસનીય કાર્ય છે. પર્યુષણ પ્રસંગે વ્યાખ્યાન બાદ ગોળની પ્રભાવના હતી.

કાર્યકારિણી સમિતિની બહેનો પોતાના અમુલ્ય સમયનો ભોગ પોતાની માતૃસંસ્થા સમજી તન-મનથી સેવા આપી ગૃહઉદ્યોગકેન્દ્રને આગળ ધપાવવામાં સારી જહેમત ઉપાડે છે.

આપણે સૌ ગૃહઉદ્યોગ કેન્દ્રની ઉત્તરોતર પ્રગતિની આશા સેવીએ એ મહિલા શક્તિની સ્વાવલંબનની જ્યોત સદા જલતી રહે એ ભાવનાએ. સર્વથા સહયોગ આપીએ. આવા કેન્દ્રમાં દરેક ચીજ શુધ્ધ-સાત્વિક અને સ્વાદિષ્ટ હોય છે. એટલે આપણી જરૂરીયાતો બહારથી ન લેતાં આપણી જ સંસ્થામાંથી ખરીદી કરી સંસ્થાને પ્રોત્સાહન આપીએ. એ પણ જ્ઞાતિ ભાવનાનું એક પરીણામજનક ઉદાહરણ બનશે.

હુબલીના આ ગૃહઉદ્યોગ કેન્દ્રે ખુબ પ્રગતિ કરી છે. અત્રે પધારનાર જ્ઞાતિજનોને મુલાકાત લેવા આમંત્રણ છે.

*- શાંતિલાલ રામજી લાલકા (હુબલી)*

# ક. દ. ઓ જૈન જ્ઞાતિનું આઠમું વસતિપત્રક

જ્ઞાતિના ૮મા. વસતિપત્રક ના પ્રકાશન માટે જ્ઞાતિજનોની માહિતી એકત્ર કરવાં દરેક જ્ઞાતિજનના ફોર્મ બહાર પડાયા છે.અને હવે લગભગ સમગ્ર ભારતના વસવાટના શહેર/ગામમાં પહોચી ગયા હશે/વંટાઈ ગયા હશે.દરેક કુટુંબને ફોર્મ કેવી રીતે ભરવા તેની માર્ગદર્શિકા ગુજરાતી તેમજ અંગ્રેજીમાં સાથે જ મોકલાઈ છે.સૌ જ્ઞાતિજનોને આ માર્ગદર્શિકા બરાબર વાંચી તમારી સમગ્ર માહિતીઓ ભરવા વિનંતી છે.વસતિપત્રક ના ફોર્મમાં પહેલું કૌટુબિક ફોર્મ કુટુંબના વડીલે ભરવાનું છે.સરનામામાં ફેરફાર હોય તો કોલમ ૨ માં ત્યાં રહેતાં કુટુંબના વડીલનું નામ અને તેની નીચે નવું સરનામું લખવાનું છે.અને અન્ય વિગત આપવાની છે.નીચે આપેલ સર્વેક્ષણ ફોર્મમાં જ્ઞાતિની આર્થિક/રહેણાંકની વિગતો જરૂરથી ભરવાની છે. આ વિગત સર્વેક્ષણ માટે જ છે તે ક્યાંય છપાશે નહીં. જ્ઞાતિનું તે બાબતનું સર્વેક્ષણ  આંકડામાં જ જણાવાશે. ત્યાર બાદ ૭મા વસતિપત્રક ની માહિતી પ્રમાણે આપના ઘરમાં રહેતા કુટુંબીજનોના અલગ અલગ ફોર્મ છે.તે ભરવાના છે.જ્ઞાતિની 'યેલો પેજેસ' ડીરેક્ટરી બહાર પાડવા માટે અગ્રિમ માહિતી માટે આપના વ્યવસાય/ધંધાની વિગત વિગતવાર માગ્યા પ્રમાણે ભરશોજી.છેલ્લા દશ વર્ષમાં દિકરી ના લગ્ન થયા હોય તો તેના ફોર્મમાં લગ્ન ની તારીખ અને ક્યાં લગ્ન થયા છે તેની વિગત ભરી મોકલશો. છેલ્લા દશ વર્ષમાં દિકરાના લગ્ન થયા હોય તો તેણે ફોર્મની પાછળની બાજુએ 'N' અથવા 'O' માં વિગત ભરવી.આ સમય દરમ્યાન બાળકો જન્મ્યા હોય તેની વિગત 'P' માં ભરવી.જ્ઞાતિ ની નવી વેબસાઈટ પર સર્વે જ્ઞાતિજનોની વિગત આપવાની છે.તે સારુ ઘરમાં જેટલા જણ હો તે બધાયના પાસપોર્ટ રંગીન ફોટો સાથે જોડેલ પ્લાસ્ટિકની થેલીમાં મોકલશોજી. જ્ઞાતિમાં સગપણ/લગ્નની માહિતી સારી રીતે મળે તે માટે આપના ઘરના ૧૮ થી  ૩૫ વર્ષ સુધીના યુવાઓની વિગત તેમના ફોર્મમાં 'F' કોલમમાં જરૂરથી ભરાવશોજી. અન્ય માહિતીયો માંગેલ છે તે જ્ઞાતિની સર્વાંગિણ પરિસ્થિતિ ચીતરવા જરૂરી છે તો તે જરૂરથી જણાવશો.કે જેથી 'સ્ટેટીસ્ટીકલ' ડેટા ઉભા કરી શકાય.અને તે દ્વારા જ્ઞાતિના પ્રશ્નો ઉકેલી શકાય.

પરદેશમાં રહેતા જ્ઞાતિજનોની વિગત email  દ્વારા મોકલવામાં આવશે.આપના ઘરમાંથી કોઈ પરદેશમાં રહેતું હોય તો તેની email id વસતિપત્રક ને સાથે જણાવેલ ફોન ન્. પર અથવા email દ્વારા kdovasti@gmail.com પર મોકલશોજી કે જેથી તેની સાથે સંપર્ક સાધી શકાય.email દ્વારા માહિતી મોકલવી હોય તો નવું ફોર્મ વસતિપત્રક ની વેબસાઈટ www.kdovastipatrak.net પર ઉપલબ્ધ છે અને કેવી રીતે આપની વિગત મેળવવી તે પણ જણાવાયું છે આ વિગત મળેથી ડાઉનલોડ કરી, ફોર્મ ભરી પાછું email દ્વારા મોકલવાનું છે.

- આપના ઘરમાંથી છેલ્લા બાર વર્ષમાં કોઈએ દીક્ષા લીધી હોય તો તેની સંપૂર્ણ વિગત ફોર્મ સાથે કાગળ પર લખીને મોકલશોજી.
- **પુસ્તક સ્વરૂપે પ્રાયઃ આ છેલ્લુ જ વ.પ. હોઈ આપની/ કુટુંબની/ વડીલોની યાદગીરી જીવંત રહે તે માટે સૌજન્યપટ્ટી / જાહેરખબર મારફતે યાદ જાળવશોજી.પાનાની મર્યાદીત સંખ્યા અનુસાર આ વિગતો લેવાની છે. અમને આ વિગતો મળી રહી છે. વહેલો તે પહેલો ધોરણે સ્વીકારશું. તો જાગૃતતા રાખી આપની યાદગીરી જાળવશો. દરેક મોટા ગામના પ્રતિનિધિને સૌજન્યપટ્ટી / જાહેરખબર માટે ફોર્મ તથા રસીદ બૂક મોકલાયા છે. તેમનો સંપર્ક સાધશો.**
- દરેક ગામના વસતિપત્રક ના પ્રતિનિધિઓ/યા જ્ઞાતીજનને ફોર્મ બાબત કંઇ પણ માહિતીની જરૂર હોય તો વીના વિલંબે અમારો સંપર્ક સાધી ખુલાસો મેળવી લેશો જી.
- **જ્ઞાતિના ૭માં અધિકૃત વસતિપત્રક માં જેમના નામ નથી તેમને વિનંતી છે કે તેઓ તુરંત વસતિપત્રક સમિતિનો સંપર્ક સાધે અને જ્ઞાતિના આ census માં પોતાના નામ નોંધાવે. આપની માહિતીના અભાવે આપના કુટુંબ/બેહેનો/દિકરીઓ/સાસરાપક્ષ ની વિગતો અધૂરી રહે છે અતઃ આવા જ્ઞાતિજનોને પોતાના નામ નોંધાવવા નમ્ર અપીલ છે.**
- સ્થળાંતર કે અન્ય કારણે આપને કે આપના કુટુંબમાં અન્ય કોઈ ને વસતિપત્રક ના ફોર્મ ન મળ્યા હોય તો વિગત સાથે અમને તુરંત જણાવશોજી કે જેથી તેમને ફોર્મ મોકલી શકાય.
- કુટુંબની પરિણીત બહેનોએ પોતાના ફોર્મમાં પોતાની બેહેનોના નામ લખવાના નથી.

# શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ

**c/oશ્રી વિનોદ રાયચંદ ધુલ્લા:** Aarkey Power System Pvt. Ltd., Gala no. 5, Gr Floor,
P.N.Kothari Indl. Estate, LBS Marg, Bhandup (W), Mumbai-400078
**વ.પ. કાર્યાલય ફોન ન.:** 9920855259, 9619343793 **E- mail**: kdovasti@gmail.com
**Website** : WWW.KDOVASTIPATRAK.COM
**માર્ગદર્શન માટે સંપર્ક** : વિનોદ રાયચંદ ધુલ્લા :૦૯૮૨૦૧ ૨૨૩૬૬
રમેશ મોતા :૦૯૮૧૯૬ ૫૫૨૫૯ / ડુંગરશી મૈશેરી : ૦૮૮૯૮૨૭૭૭૬૬

## કવિ "તેજ" – કચ્છી સાહિત્ય અને આપણે...

*- નવીન પટેલ (વડોદરા)*

કચ્છી સાહિત્યનો તેજસ્વી સિતારો, અદ્‌ભૂત વિસ્મય પમાડે એવી કાવ્ય રચનાઓ કરનાર આ કવિ પાંજી નાતજા અંઈ ઈ વડો ગૌરવ આય. સાધારણ રીતે આવા નામી કવિને જોઈને એમની પાછળ પ્રેરણાથી સાહિત્યકારોનો જાણે ફાલ ઉતરી આવતો હોય છે. પરંતુ તેમ થયું નથી. તેની નવાઈ લાગે છે. સાહિત્ય સર્જન એ કુદરતી દેન છે પણ આજે સાહિત્ય સર્જન કરતા આપણાં ઘણાં જ્ઞાતિજનોમાંથી કોઈ પણ પોતાની ક્ષમતા દાખવી શકેલ નથી તે હકિકત છે.

કચ્છની બહુ જ ઓછી જ્ઞાતિઓમાં કચ્છી ભાષા માતૃભાષા તરીકે બોલાય છે. કચ્છી દશા તથા વિશા ઓસવાલો, લોહાણા, ભાનુશાલી, ભાટીયા, રાજપુત, રાજગોર, સારસ્વત, બ્રાહ્મણ, ખોજા, મેમણો, પાટીદારો તથા કેટલીક અન્ય જ્ઞાતિઓ વગેરે વ્યવહારમાં કે ઘરમાં કચ્છી બોલે છે. આ બધી જ જ્ઞાતિઓમાંથી કોઈક ને કોઈક સારા સાહિત્યકારો, કવિઓ કચ્છી સાહિત્યને મળ્યા છે. જેમના કેટલાક નામો છે : ડો. વિસન નાગડા, ડો. કાન્તિ ગોર, માધવ જોશી, જયંતિ જોશી, રવિ પેથાણી, જયેશ ભાનુશાલી, ગૌતમ જોશી, વ્રજગજકંધ, મણિલાલ ગડા, ભારતીબેન ગોર, હરેશ દરજી , મદનકુમાર અંજારીયા, નારાયણ જોશી વગેરે, આ સાહિત્યકારો આજે કચ્છ તથા ભારતભરમાં કચ્છી સાહિત્યને ઉજાગર કરતા રહ્યા છે. સાહિત્યકારોને પ્રોત્સાહન આપતી **"કચ્છી સાહિત્ય અકાદમી"** પણ મોજુદ છે તેની જાણ પણ કેટલા જ્ઞાતિજનોને છે તે જાણવું રસપ્રદ રહેશે.

આપણે ભલે અમે "કચ્છી છીએ."નાં બણગાં ફુંકતા હોઈએ પણ હકિકતમાં આપણે "કવિ તેજ" સિવાય રાષ્ટ્રીયસ્તરે કચ્છી સાહિત્યકારથી વધુ કઈ આપી નથી શક્યા તે હકીકત છે. આપણાં જે કોઈ એકાદ બે સાહિત્યકાર જણાય છે કે પોતાને કવિ-લેખક કહે છે તેમનું કચ્છી સાહિત્ય સર્જન એટલું વિશાળ નથી કે એ લેવલનું નથી જેની નોંધ "કચ્છી સાહિત્ય અકાદમી" લઈ શકે.!

એવું પણ નથી કે આપણી જ્ઞાતિમાં આનાં જાણકાર કે કદરદાનો નથી.. કવિ "તેજ"ના મુંબઈમાં સમસ્ત જ્ઞાતિ મહાજન આયોજીત બહુમાન કાર્યક્રમમાં ઘસારો જોતાં કે બેએક વર્ષ પહેલાં થયેલ કવિ સંમેલનમાં પણ અભૂતપૂર્વ ઘસારો નજરે ચડ્યો હતો. તો પછી ખામી ક્યાં છે? આની પાછળના કારણો વિચારતા એવું જણાય છે કે આપણાં મહાજનો કે પત્રોએ જ્ઞાતિની બહાર પણ કચ્છી સાહિત્યની એક વિશાળ દુનિયા છે તે બાબતે પણ નિરસતા દાખવેલ છે.

આજે જે કોઈ લેખકો કે કવિઓ કચ્છીમાં સાહિત્યિક રચનાઓ કરે છે તેમણે તેમની રચનાઓ સાહિત્ય જગતનાં દિગ્ગજોને દેખાડી તેમાં સુધારા વધારા કરીને તેને સંપૂર્ણ બનાવવી જોઈએ. આના માટે મુંબઈમાં, કચ્છમાં ઘણાં સાહિત્યકારો મદદરૂપ બની શકે. તેમણે પોતાનું સાહિત્ય છપાવવા માટે પ્રયત્નો કરવા જોઈએ અને જ્ઞાતિપત્રોની બહાર પણ જઈને અકાદમીનાં મુખપત્રો, "કચ્છમિત્ર" કે અન્ય સામાયિકોમાં મોકલવા જોઈએ જેથી એમની રચનાઓને ત્યાં સ્થાન મળે છે કે નહિં તેનું ખ્યાલ આવે અને એવી રીતે સુધારો પણ આવે.

કોઈની ભાટાઈ કે વખાણ કરતી કવિતાઓ રચવાથી દુર રહેવું જોઈએ. આવી રચનાઓમાં વ્યાકરણમાં ઘણી બાંધછોડ કરવી પડે છે પરીણામે સાહિત્યિક દષ્ટિએ આવી રચનાઓ હાસ્યાસ્પદ બને છે. ઉપરાંત ફિલ્મી ગીતોની ધુનો પરથી ફાવે તેમ શબ્દો બેસાડીને સ્તવનો-ભક્તિ ગીતો બનાવવાથી સાહિત્યીક રચનાઓ ન થાય તેનું પણ ધ્યાન રાખવું ઘટે.

આ ક્ષેત્રમાં શ્રી શીવજી દેવશી મઢડાવાલા બાદ કવિ "તેજ"નું નામ માનપૂર્વક લેવાય છે પરંતુ ત્યારબાદનું શૂન્યવકાશ ખૂબ મોટું છે. હાલમાં સાહિત્ય સર્જન કરી રહેલ જ્ઞાતિજનોને ઉપરોક્ત મદ્દાઓ પર ધ્યાન આવા અને વિપુલ સાહિત્ય સર્જન કરવાની જરૂર છે. આશા છે કે ભવિષ્યમાં આ બાબતમાં ધ્યાન અપાશે. આપણા માતૃભાષા માટે એટલું તો કરવું જ ઘટે.


અનરાધાર વર્ષાથી લહેરાઈ ઉઠતા સૃષ્ટિના પાલવ જેવા
**પાલવના અનુપમ વસ્ત્રો...**
**નયનરમ્ય બંધેજની બાંધણી ● ઘરચોળા**
**● ચણીયા ચોળી ● ડ્રેસ મટિરિયલ્સ અને ઘણું બધું**
**પાલવ મુલુન્ડ**
શોપ નં.૧, "ઓ" વિંગ, વર્ધમાનનગર, ભક્તિમાર્ગ,
મુલુંડ (વ). ફોનઃ25616842/25906287
**ડિઝાઈનર બ્લાઉસ સ્ટીચીંગ અને એમ્બ્રોઇડરી**
**એ અમારી વિશેષતા...**
(રવિવારે વિશ્રામ)




## નાંદેડની ઉત્કૃષ્ટ પરંપરા

તાજેતરમાં પર્યુષણ બાદ નાંદેડના કાર્યકર શ્રી દીપક લક્ષ્મીચંદ લાપસીયાની સુપુત્રી ચિ. નેહાના ૧૬ ઉપવાસની સાંજી પ્રસંગે જવાનું થયું.

સામાન્યપણે પ્રસંગ હોય ત્યારે પ્રસંગ પતે ત્યાં સુધી ઘરના સભ્યો સતત કામનું દબાણ અનુભવતા હોય છે. પ્રસંગ પત્યા બાદ જ હળવાશ અનુભવે છે. પરંતુ મને નાંદેડમાં સુખદ અનુભવ માણવા મળ્યો.

સાંજી તથા તે પ્રસંગે ભોજન સમારંભનું આયોજન એ પરિવારે ગુજરાતી સ્કુલમાં યોજેલ. કાર્યક્રમની સંપૂર્ણ વ્યવસ્થા, દેખરેખ, પધારનાર મહેમાનોની ભોજન આદિ સરભરા અગ્રણી કાર્યકરો શ્રી પ્રેમચંદભાઈ મોતા, શ્રી લખમશી માસ્તર, શ્રી શાંતિલાલ લાપસીયા અને જ્ઞાતિના યુવા કાર્યકરોએ સંભાળેલ. ૫૦૦થી વધુની સંખ્યાની હાજરીનો તમામ કાર્યક્રમ સૌના સાથ સહકારથી ખૂબજ ઉત્સાહ, ઉમંગ અને હળવાશથી ઉજવાયો. નાંદેડના જ્ઞાતિબંધુઓને આવી વ્યવસ્થા સંભાળવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

*થાણા ૩૧-૮-૧૨* — *- મહેન્દ્ર દેવજી ખોના*

## દશાની કઈ દિશા...

થોડા વર્ષ પૂર્વે શરૂ થયેલ દક્ષિણમાં કોઈની વૃક્ષ યોજના, કચ્છમાં કોઠારા પાસેની કોઈકની પ્લોટ યોજના, કચ્છ એકમની ભુજ નજીકની કોઈક પ્લોટ યોજના, મુંબઈમાં મહાજનવાડી તથા વેંચાણ, અનંતસિધ્ધી તથા અનંતછાયાનાં રીડેવલપમેન્ટની વાતો... આ બધું એક પછી એક કોઇક ટીવીની ન્યુઝ ચેનલના સમાચારોની જેમ આવતું ગયું. એમાં વગર પૂછયે સલાહ આપનારાનાં વક્તવ્યો, જાણકારો ને અજાણ્યાનાં વિચારો-બધું જ નાત સામે આવતું ગયું ને દરેક પ્રકરણને વધુને વધુ રહસ્યમય ને ગુંચવાણભર્યુ કરતું ગયું.

આજે આપણી જ્ઞાતિમાં કોઈ એક એવી વ્યક્તિ કે સંસ્થા નથી જેનું કહેવું બધા માનતા હોય કે જે વિશ્વાસ પાત્ર હોય. આમ તો બધા કહે છે તેમ "યથા રાજા તથા પ્રજા!" પરંતુ આ બધું છેલ્લા કેટલાક વર્ષોથી થઈ રહ્યું છે જે વિચારવા પાત્ર છે.

શેઠશ્રી નરશી નાથા તથા તેમના પછીનાં કેટલાક વર્ષોમાં આપણી નાત ખૂબ જ પૈસાપાત્ર થઈ ગયેલ તે વખતે પણ  આજનાં જેવી જ કંઈક સ્થિતિ હતી. લોકો રૂનાં વેપારમાં અઢળક કમાયેલ ત્યારે પણ નાની-મોટી વાતોમાં વેર ઝેર બાંધી, એકબીજા સામે આરોપ પ્રતિઆરોપ કરાયા. ત્યારબાદ કોર્ટનાં કેસોમાં આપણી નાતની સંપત્તિનું તથા પ્રતિષ્ઠાનું ધોવાણ થયું. એવો જ કંઈક વખત ફરી એકવાર તો આવેલ નથી ને? "History repeats itself" તો લાગુ નહીં પડે ને? તે વખતે ભારમલ શેઠ વગેરે હતા પરંતુ ઘમંડ અને ગુસ્તાખી આગળ એમનું કંઈ જ ન ચાલેલ.

આજે પણ જ્ઞાતિમાં પૈસાની રેલમછેલ સાથે ગુસ્તાખી દેખાઈ રહેલ છે. બનાવનારા કરતા તોડનારા વધી ગયા છે. જ્ઞાતિનાં પ્રશ્નો પર જાણે કોઈને ચર્ચા કરવામાં ય રસ નથી. તો પછી જ્ઞાતિહિતમાં ન લેવાતા નિર્ણયોને કોણ રોકશે? મહાજનોની ઉપરવટ જઈને જ્યારે નિર્ણયો લેવાતા થાય ત્યારે સામાન્ય માણસની કોણ ચિંતા કરે?

ઉપરોક્ત તથા અન્ય ઘણાં પ્રશ્નો જ્ઞાતિ સમક્ષ છે તેનો નિકાલ સર્વસંમતિ તથા કોઇને ય નુકશાન પહોંચ્યા વગર આવે તો દશા ખરી દિશામાં જઈ રહ્યા છે તેમ કહેવાશે. દરેક બાબતમાં લાગતા વળગતાઓ સાચી વિગતો નિષ્પક્ષ રીતે નાત સમક્ષ મુકી ખુલાશાઓ કરે એવી અપેક્ષા કરવી કદાચ વધારે પડતી હોય તો પણ વૈમનસ્ય ન વધારે તો સારૂં. વડીલો તથા મહાજનો જો આ બાબતમાં ધ્યાન નહીં આપે તો ભવિષ્યની પેઢીને આપણે શું વારસો આપીશું તે વિચારવું જ રહ્યું.

*વડોદરા : ૧૦-૯-૧૨* — *- નવીન પટેલ*

## અભિનંદન

સમસ્ત ક.દ.ઓ. જ્ઞાતિના ૮મા વસતીપત્રકના ફોર્મ હાથમાં આવ્યા અને એક ઉડતી નજર નાખતાં અનુભવાયું કે વસતીપત્રક સમિતિએ બહુજ બારીકાઈથી છણાવટ ભરેલ માહિતી એકત્ર કરવાનો પ્રયત્ન કરી રહી. આવતો વસ્તીપત્રક માહિતીસભરે અને કાયમી રેકૉર્ડ થઈ જશે. એ ભગીરથ કાર્ય માટે અનેક શુભેચ્છાઓ સાથે અભિનંદન.

આ કાર્યમાં ગામોગામનાં જ્ઞાતિ મહાજનોનાં કાર્યકર્તાઓ ખંતથી કાર્ય કરશે. એમાં બેમત નથી પરંતુ પ્રત્યેક પરિવારજનો પોતાની નૈતિક જવાબદારી સમજી તે આ કાર્ય માટે જેટલી ઝડપથી પ્રતિસાદ આવશે તેટલું વસ્તીપત્રકસમિતિ સરળપણે, યશસ્વીપણે, સુંદર કાર્ય સમયસર કરી શકશે.

*હૈદરાબાદ : ૪-૯-૧૨* — *- હંસકુમાર રાયચંદ સાયલા*

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બાયઠ

પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણ પર્વની શાનદાર આરાધના કરવા માટે વતન **બાયઠ** મુકામે આ વરસે મુંબઈ દેશાવર,સ્થાનીક ભૂજ-ગાંધીધામથી કુલ્લે **૮૦ જણાં** પધારેલ.

મહાપર્વની આરાધના કરાવવા અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પૂ.સા.શ્રી જ્યોતીકલાશ્રીજી મ.સા.નો પ્રશિષ્યા **પૂ.સા.શ્રી દીપચંદ્રાશ્રીજી મ.સા.** પધાર્યા હતા. એમનો સરળ-શાંત સ્વભાવ, ધર્મ પ્રત્યેની અનન્ય નિષ્ઠા અને ધર્મ આરાધના કરાવવાના ઉચ્ચતમ ભાવોથી સકળ સંઘ ભાવવિભોર થયેલ. એમની નિશ્રામાં મહાપર્વની આરાધના અભૂતપૂર્વ ઉત્સાહે ઉમંગભેર અને શાનદાર રીતે થઈ. દરરોજ સવારના પ્રતિક્રમણ, ભક્તામર સ્તોત્રપઠન, વ્યાખ્યાન બપોરના વ્યાખ્યાન, સાંજે પ્રતિક્રમણ મનોરમ્ય આંગી અને રાત્રે ભાવના સરસ રીતે સંપન્ન થયેલ. પર્વ દરમ્યાન દરેક ચડાવાઓ ખૂબજ ઉત્સાહપૂર્વક અને રેકાર્ડ બ્રેક રીતે બોલાયા હતા.

કલ્પસુત્ર પધરાવવાનો લાભ ૫૫૧ મણમાં માતુશ્રી સોનબાઈ મણશી ગોસર પરિવારે અને પારણું પધરાવવાનો લાભ ૩૬૫૧ મણમાં માતુશ્રી લક્ષ્મીબાઈ (નંઢીમા) ડુંગરશી ગોસર પરિવારે લીધેલ. બંને પ્રસંગે વરઘોડા અને રાત્રિજાગરણ ભાવપૂર્વક થયેલ. સ્વપ્ન ઘૃતની કુલ ઉછામણી ૭૬૨૭૧ મણ અને અન્ય ચડાવાઓ તથા અનુષ્ઠાનોના ચડાવા ૨૪૦૦૦ મણ મળી કુલ્લે ૧૦૦૨૭૧ મણ થયેલ. જે બાયઠ જેવા નાના ગામમાં રેકોર્ડરૂપ છે. આ કાર્યક્રમમાં પૂ.સાધ્વીશ્રીજીના સંસારી પરિવારજનોએ દરેક પ્રસંગે હાજરી આપી ચડાવાઓમાં પણ ભાગ લઈ લાભ લીધેલ. જેની શ્રી સકળ સંઘ ભૂરીભૂરી અનુમોદના કરે છે. સવંત્સરી પ્રતિક્રમણના બધાજ જ્ઞાતિજનો જોડાયા હતા. રાજા કુમારપાળની આરતીનો કાર્યક્રમ ભવ્યાતીભવ્ય રીતે ઉજવાયેલ. જેનો લાભ **શ્રી દેવજી માણેક ગોસર પરિવારે** લીધેલ. આ આઠ દિવસમાં શ્રી હીરજી માણેક ગોસર અને પરિવારના સભ્યોએ વિશિષ્ઠરીતે ઉમદા સહયોગ આપેલ જેની સકળ સંઘે ભાવભરી અનુમોદના કરેલ. સ્વપ્ન ઉછામણીના દિવસે શ્રી જીતેન્દ્ર રતીલાલ નાગડા તથા શ્રી નરેન્દ્ર હીરાલાલ પોલડીયા મુંબઈથી ખાસ પધાર્યા હતા. અને ઉછામણીમાં સારો એવો લાભ લીધેલ.

ભાદરવા સુદ ૪ના સર્વે તપસ્વીઓનું બહુમાન અને વડીલોનું બહુમાન કરવામાં આવેલ. ભાદરવા સુદ ૫ના સવંત્સરી પ્રસંગે બારસોસુત્ર અને ભાદરવા સુદ ૧ના કલ્પસુત્ર વહોરાવવાની તથા જ્ઞાન પુજાઓની ઉછામણી સારી થયેલ. ભાદરવા સુદ છઠ્ઠના જિનાલય દ્વાર ઉદ્‌ઘાટનની ઉછામણીઓ પણ સારી થયેલ. દ્વાર ઉદ્‌ઘાટન વિધી પૂ.સાધ્વીશ્રીજીની નિશ્રામાં ભાવપૂર્વક થયેલ. તપસ્વીઓને પારણાં કરાવવાનો ચડાવો માતુશ્રી સાકરબેન કેશવજી સાવલા પરિવાર રૂા.૧૧૧૧૧માં (બાડા)એ લીધેલ.

સંઘની સમુહ ક્ષમાપના ભાવપૂર્વક થયેલ. જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાની છબીને માળારોપણની ઉછામણી ચડવા ભાવે થયેલ. છઠ્ઠના વરઘોડો નીકળેલ અને પારણાંનું રાત્રિ જાગરણ બહુજ ભાવપૂર્વક થયેલ.

પર્વના આઠે-આઠ વિસ સંઘની સાધર્મીક ભક્તિનો લાભ તથા મુંબઈ દેશાવરથી ભાવિકોને બાયઠ આવવા-જવાનો લાભ લઈ ભાગ્યશાળી પરિવારોએ પોતાની ઉચ્ચતમ ધાર્મિક ભાવના અને બાયઠ ગામની અનુમોદનીય એકતાના દર્શન કરાવેલ. સકળ સંઘએ ઉદારભાવનાનો હાર્દિક આભાર માનીને ભુરી અનુમોદના કરે છે. પર્વ ઉજવણીમાં શ્રી કચ્છી વિશા ઓસવાળ જૈન સમાજના જ્ઞાતિજનોએ પણ સાધર્મીક ભક્તિ, સ્વપ્ન ઉછામણી અને તપસ્યા તથા દરેકે દરેક પ્રસંગોએ હાજરી આપી પોતાની ધર્મ ભાવનાના ઉચ્ચતમ ભાવો દર્શાવેલ. સકળ સંઘ એમની અનુમોદના કરે છે.

ભાદરવા સુદ ૭ના ૭૦ જણાં ચૈત્ય પરિપાટીમાં જોડાયા હતા. બાયઠથી બાડા, દેઢીયા પાર્શ્વવલ્લભ, વર્ધમાન નગર તથા કોવઈનગર જિનાલયોનાં દર્શન અને ગુરૂવંદન કર્યા.

ચૈત્ય પરિપાટીનો લાભ **માતુશ્રી ગોરબાઈ માંયા ધુલ્લા પરિવારે** લીધેલ. અચલગચ્છાધીપતિશ્રીને ગુરૂવંદના કરી કેટલાક ભાવિકો મુંબઈ તરફ પ્રયાણ કરેલ.

આ કાર્યક્રમમાં સ્થાનીક ભાઈઓ, મુંબઈ તથા દેશાવરના ભાઈઓ હાજર હતા. મુંબઈથી કચ્છ આવવા જવાની ટીકીટો તથા નાસ્તાપાણીની વ્યવસ્થા માટે **શ્રી ગુલાબ વેરશી પોલડીયા**નો ઉદાર સહકાર સાંપડેલ. બાયઠ મહાજન સાધર્મીક ભક્તિના ભાગ્યશાળી પરિવારો સ્વપ્નઘૃત ઉછામણીનો લાભ લેનાર ભાગ્યશાળીઓ ચૈત્ય પરિપાટીનો તથા પારણાં કરાવનાર ભાગ્યશાળીઓ, પર્વ આરાધકો માટે ટીકીટ ખર્ચ દાતા ભાગ્યશાળી પરિવારો, પર્વ આરાધકો માટે ટીકીટ ખર્ચના દાતા ભાગ્યશાળીઓનો અને **શ્રી દેવજી માણેક ગોસર** સમસ્ત પરિવારનો ખૂબ ખૂબ ભાવપૂર્વક અનુમોદના કરે છે. આ સંપૂર્ણ પર્વ કાર્યક્રમ દરમ્યાન સંઘના અધિકારીઓ કે કાર્યકરો તરફથી ક્યાં કોઈ અવિનય કે અવિવેક થયો હોય તો ભાવપૂર્વક મિચ્છામી દુક્કડમ માંગીએ છીએ.

સમસ્ત બાયઠવાસીઓને શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન બાયઠ તથા શ્રી બાયઠ જૈન સંઘના મિચ્છામીદુક્કડમ

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-બાયઠ વતી**

**ઠાકરશી મેઘજી મોસર (પ્રમુખ)**

॥ શ્રી શાંતિનાથાય નમો નમઃ ॥

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગૃપ-મુંબઈ દ્વારા આયોજીત

# કુલપાકજી તીર્થ તેમજ હૈદરાબાદની તિર્થયાત્રાનો પ્રવાસ

તા.૬-૯-૧૨ બપોરના મુંબઈથી ૧૦૭ જણાંની સંખ્યામાં હૈદરાબાદ એક્સપ્રેસ દ્વારા રવાના થઈ લોનાવલા સ્ટેશન ઉપરે ચા-નાસ્તો તેમજ ચિક્કી પ્રભાવના **નિર્મલા કેટરર્સ** હસ્તે નિર્મલા મોમાયા, હેમંત મોતા, પ્રશાંત મોતાએ લાભ લિધેલ. ટ્રેનમાં દરેક દાતાશ્રી તરફથી **રૂા.૨૦૦**નું દરેક યાત્રીકને સંઘપૂજન થયેલ. સાંજે ટ્રેનમાં ચૌવીહારનો લાભ **માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ પરિવાર (સાંધવ)**એ લિધેલ. રાત્રે ટ્રેનમાં ભક્તિ ભાવનાની રમઝટ જામેલ. તા.૭-૯-૧૨ હૈદરાબાદ સ્ટેશને આગમન ત્યાંથી બે બસ અને એક ટવેરાગાડીથી કુલપાકજી તીર્થ તરફ પ્રયાણ કર્યું. સવારના નવકારશી **શ્રી ઠાકરશી લાલજી પટેલ પરિવાર (સાંધવ)**એ લાભ લિધેલ. ત્યાં સેવા પૂજા કરી. બપોરના સાધર્મિકભક્તિનો લાભ **માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા (સાંધવ)**એ લાભ લિધેલ. ત્યાંથી **નવગ્રહ દેરાસર** તરફ પ્રયાણ ત્યાં **શ્રી વેલજી નરશી મોમાયા પરિવાર (વારાપધર)**એ બંધાવેલ. સુંદર જૈન દેરાસર દર્શન-વંદનીય છે. ત્યાં ચા-નાસ્તાનો લાભ આપેલ. ગૃપે આરતી ઉતારવવાનો લાભ લિધેલ. સાંજના હૈદરાબાદવાસીઓ સાથે કચ્છીભુવનમાં **સ્નેહમિલન** યોજેલ. સાંજે વિવિધ વાનગીઓ સાથે જમાડવાનો લાભ **શેઠ શ્રી મણીકાંત મેઘજી મોમાયા (વરાડીયા)** તરફથી હતું.

હૈદરાબાદવાસીઓએ ગૃપનું શાનદાર અને સ્વાગત કરેલ. સર્વશ્રી જયેશ જૈન અને ગોવિંદજી પટેલનું બુહમાન કરેલ. શેઠ શ્રી માણીકાંત મોમાયા, ધનપત લાલજી મોતા, રમેશ પ્રેમજી લોડાયા, અને મૌનિક વિનોદ ઘરમશીનં ગૃપ તરફથી બહુમાન કરવામાં આવેલ. હૈદરાબાદવાસીઓએ ગૃપને ભાવપૂર્વક આવકારેલ આવેલ.

રાત્રીરોકાણ ચૈતન્યપુરી અતિથીગૃહમાં કરેલ. તા.૮-૯-૧૨ના સવારના નવકારસીનો લાભ સંઘવી **શ્રી ભાગચંદ દામજી ઘરમશી પરિવારે** લીધેલ. ત્યાંથી **રામોજી ફીલ્મસીટી** જોવા માટે ગયેલ. ફિલ્મસિટીમાં ગૃપવાળાએ ખૂબજ મજા માણેલ. સાર્ધમિકભક્તિનો લાભ **શ્રી અશોક પદમશી દંડ** (લાલા) અને **મનોજ દેવચંદ ખોના** (ગોરખડી), **પંકીતાકુમાર મૈશેરી** (જખૌ), **જીવરાજ લાલજી મોમાયા** (લોનાવલા), **અમીતા તિલક મોમાયા** (જખૌ) એ સાથે મળીને લીધેલ.

સાંજના હૈદરાબાદ જોવાલાયક સ્થાનો દર્શન તેમજ ખરીદી કરવા કરેલ. તા.૯-૯-૧૨ના સવારના નવકારશી **શ્રી વિરચંદ હીરજી લોડાયા** (સુથરી) અને **ભુપેન્દ્ર લક્ષ્મીચંદ ડાગા** (બારોઈ) એ લાભ લિધેલ. ત્યાંથી રવાના થઈને હૈદરાબાદ સિટીમાં અચલગચ્છના ભવ્યાતિભવ્ય શાંતિનાથ દાદાના દેરાસરે પહોચતા સંઘે વાજતે ગાજતે સામૈયું કરેલ અને શ્રી હેમંત મોતા, કિરણ દંડ, પુષ્પાબાઈ ખોના, અમિતા મોમાયાનું બહુમાન કરેલ. શાંતિનાથ દાદાની દેવદર્શન પૂજા-પાઠ કરી, પૂ.સા.શ્રી સમયગુણાશ્રીજી મ.સા., પૂ.સા.શ્રુતગુણાશ્રીજી મ.સા.ને વંદન કરવા ગયેલ પૂ. મ.સા.એ વ્યાખ્યાનવાણીનો લાભ આપેલ. ત્યારબાદ સંઘ અને ગૃપ તરફથી રૂા.૧૦નું સંઘપૂજન કરવામાં આવેલ. અચલગચ્છ સંઘના અગ્રણીઓ તથા શેઠશ્રી મણીકાંત મોમાયા, તથા જ્ઞાતિના ભાઈઓએ બપોરના ભાવ અને ઉલ્લાસપૂર્વક સાધર્મિકભક્તિની કરેલ. હૈદરાબાદ સંઘે ત્રણેદિવસ બસ વ્યવસ્થા, ઉતારા અને જમવાની ખૂબજ સારી વ્યવસ્થા કરેલ. ગ્રુપ હૈદરાબાદ સંઘની ઉલ્લાસપૂર્વક આગતા-સ્વાગતા બદલ આભાર વ્યક્ત કરેલ. તેમને અનુમોદનીય સરભરા સાચવી જેની ધન્યતા અનુભવીએ છીએ. શેઠશ્રી મણીકાંત મોમાયા, મોનીક ઘરમશી, મહેન્દ્ર મોતા, હંસકુમાર સાયલા, જીતેન્દ્ર ઘરમશી આદિ સર્વે કાર્યકરોનો ગ્રુપ આભાર માને છે. હૈદરાબાદ પ્રવાસ વ્યક્તિદીઠ ટીકીટદર માત્ર રૂા.૧૦૦૦/- રાખવામાં આવેલ અન્ય તમામ ખર્ચ ગૃપ દ્વારા કરવામાં આવેલ. પ્રવાસ દરમિયાન, ચોકલેટ, સીંગ ભુજીયા, મગદાળ, મરીવેફર બિસ્કીટ, ભેલ, માખાણીયા ગાંઢીયા, ભુજીયાસેવ, નવરત્ન ચેવડો વગેરે પેકેટસ્ **વત્સલ, મોક્ષીલ પટેલ** (સાંધવ), **શ્રી હીરાચંદ કુંવરજી કુરૂવા** (ગોધરા), **માતુશ્રી હીરબાઈ કુંવરજી લાલકા** (વારાપધર) **અપેક્ષા સાડી સેન્ટર** (મુલુન્ડ), **કેવલ** અને **હર્ષ લાલકા** (વારાપધર) **નેવિલ-સ્મિત પટેલ** (સાંધવા), **શ્રેયા-તેજેશ પ્રવિણ મોતા** (સાંધવ), **અજીત નવિન લોડાયા** (સાંધવ), **હીમાંશુ-કેવલ વિરચંદ ખોના** (સાંધવ) **ધવલ કીરણ દંડ** (પરજાઉ) વગેરે મળીને લાભ લીધેલ. દરેકને બોલપેન પ્રભાવના **એકતા પરેશ દંડ** (સાંધવ) સાંજના ટ્રેનમાં ચૌવીહારનો લાભ, **રાજ-અમીત ભરત મોતા** (જખૌ) **જૈનમ, દર્શક ખુશાલ મૈશેરી** (નાનીસિંધોડી) એ લાભ લીધેલ. ગ્રુપના ભાઈઓ સર્વશ્રી વિરચંદ ખોના, પ્રવિણ મોતા, કિરણ દંડ, કુસુમ લાલકા, ખુશાલ મૈશેરી, વિપુલ ઘરમશી, મનોજ ખોના, સોમચંદભાઈ, હેમંત મોતા, કેતન દંડ, ભરત ખોના, ભુપેન્દ્ર ડાઘા, મણિલાલ ખોના વગેરે એ મળીને યાત્રા પ્રવાસને સફળ બનાવેલ. ક્યાં કોઈને અગવડ થઈ હોય તો મિચ્છામિદુક્કડમ્. સૌનો ખુબ ખુબ આભાર. ગ્રુપ દ્વારા યાદગાર પ્રવાસ થયેલ.

**શ્રી શાતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ**

**ભુલો ભલે બીજું બધું, મા-બાપને ભુલશો નહિં,**
**અગણિત છે ઉપકાર એમના, એ કદિ વિસરશો નહિં...**

# શ્રધ્ધાંજલિનાં સુમન



**સ્વ. માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા**
**(વરાડીયા)**
દેહવિલય : તા.૭-૧૧-૧૯૯૨



**સ્વ. પિતાશ્રી હંસરાજ પરબત ડાઘા**
**(વરાડીયા)**
દેહવિલય : તા.૨૦-૯-૧૯૯૭

ભલે આજ આપ સદેહે અમારા પરિવારજનોની વચ્ચે હાજર નથી છતાં અમારા સૌના હૈયામાં ડગલે ને પગલે આપની ઉપસ્થિતિની અલૌકિક અનૂભુતિ થાય છે. આપના અગોચર આશીર્વાદ અમારા સૌ પરિવારજનો પર સદાય વરસતા જ રહે છે. અમારા સૌના પ્રત્યે આપની લાગણી તથા સ્નેહની હૂંફ અવિસ્મરણીય છે. અમો આપને શ્રધ્ધાંજલિના સુમન અર્પણ કરીએ છીએ....

લિ.

**આપનો સમસ્ત ડાઘા પરિવાર**

~ પ્રકાશન સૌજન્ય ~

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાયડીંગ રોડ,
મસ્જીદબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

**WHERE IS HAPPINESS**

From birth to death, man makes endless efforts' to avoid sorrow and desires for happiness. He avoids disagreeable things and runs after agreeable things. As objects keep on changing, man engages himself in an endless chase after happiness. The methods adopted by different individuals in getting happiness may be different but the goal to be reached is the same for all.

We firmly believe that the happiness we experience through the senses lies in the respective objects of the world. Depending on this belief, we are endlessly acquiring and holding on endlessly to more and more wealth. But a little thinking reveals to us that the possession of wealth is not the measure of quantum of one's happiness.

We are familiar with the contradictions in life between a millionaire sitting and weeping in his palace and a simple poor farmer roaring in joy in his thatched hut. Happiness is not available in the sense objects. Otherwise each object should provide the same quantum of happiness to all. For instance, a cigarette fills one with happiness while it drives another mad with hatred. Then what is the cause for the happiness of one and hatred of another? This leads to the basic question what is happiness?

Man's happiness is an entirely subjective experience because there will be a clear relationship between the state of his mind and the happiness or sorrow experienced by him. When the mind is agitated, sorrow is experienced and when the mind is calm., happiness is experienced. Happiness therefore is experienced by the calmness of mind.

Man, the crown of creation has this rare capacity of quickening his mind without depending on the objects around him. But this capacity now lies unused by him. As he is unaware of this, he foolishly tries to procure happiness through the objects of the world, which have only a false appearance of joy. They can never give lasting happiness.

Our great religious books help to awaken this inactive power in man. Man need not run after sense objects to attain momentary experience of happiness. He can engage in a more permanent happiness which is wholly independent of agreeable objects.

Such a man stands like a beacon light showing the right path for others. He serves as a guide to those who are still being tossed about in the sea of life's "'confusion. Happiness is a state of mind. It is within the power of each individual. Each individual is therefore responsible for his happiness or unhappiness. It depends on how he searches it and how he interacts with the events of life

**Proverbs are lamps to life**

He who angers you conquers you.

To avoid criticism, do nothing, say nothing, and be nothing.

The mind in its' own place, and in itself can make a heaven of hell and hell of heaven.

**Amazing facts**

The male silkworm can smell a female miles away.

The hairy moth is really all ears. These nocturnal fliers actually hear through the hairs on the body.

The giraffe has 80 vertebrae to hold it up.

The frog the ant eater and the woodpecker are credited with extremely long tongues

Among sea horses, it is the male that gives birth to little sea colts

**Amazing figures**

Britain is the biggest sweet eating country in the world. An average 7.6 ounces of sweets

almost half a pound, is eaten by every English man every week throughout the year.

The most common last name in the world is Change. Their number is above 80 million.

Earle Stanley Gardner, who was the world's fastest novelist wrote as a hobby while still practicing law. From 1933 to 1938, he wrote 1,100,000 words in a year., In all he wrote 140 novels, dictating 10,000 words everyday. His novels were selling at the rate of 2,000 copies per hour at the time of his death in 1970. More than 200 million copies of his books have been sold throughout the world.

**Word power**

Today's word is **'The fastest writing novelist'** make as many words from this set of words and send it to Mrs. Neelam Dalesh Momaya the longest list wins a prize. Last week's prize goes to Mrs. Manisha Shirish Shah from Coimbatore for her 1630 Words. Congratulations Manishaben that was a really neatly written list and you have framed umteeen words.

**Think over it**

It is easier to lose time than to recover it.
It is easier to fall into trouble than to get out of it.
It is easier to utter a falsehood than to conceal it.
It is easier to start a quarrel than to stop it.
It is easier to form a bad habit than to break it.
It is easier to wreck a friendship than to repair it.
It is easier to mar a good name than to restore it.


**PHONETICS TEACHER TRAINING CERTIFICATE COURSE**

Add:L.N. MEHTA ED. CLASSES-
Yogesh Sadan, Hingwala Lane,Ghatkopar(E),
Mumbai-77 Phone: 9821255876, 25014824, 25014870

| DURATION | DAYS | DATE | TIME |
|---|---|---|---|
| 1 - Week | Monday to Friday | Starts on 8 th Oct. | 2:00-4:00 pm |
| 2 - Months | Every Saturday | Starts on 6th Oct. | 2:00 - 4:00 pm |
| 2 - days | 2 Sundays | 7th & 14th Oct. | 12:30-5:30 pm |

**E.C.E TEACHER TRAINING CERTIFICATE COURSE**

| DURATION | DAYS | DATE | TIME |
|---|---|---|---|
| 4 Months | Monday to Friday | Starts on 6th Oct. | 2:00-4:00 pm |


**હાર્દિક અભિનંદન**



**શ્રી શામજી નરશી દંડ**

આપશ્રીની અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના ઉપપ્રમુખપદે નિમણુંક થઈ છે એ ગૌરવવંતા માન બદલ હાર્દિક અભિનંદન.

ભાવિમાં પણ આપની કાબેલીયત અને નેતૃત્વનો સમાજ, ગચ્છ અને જ્ઞાતિ ઉત્કર્ષ માટે લાભ લેવાય અને એ જવાબદારી કાર્ય દીપાવવા સર્વથા શક્તિ મળી રહો અને ખુબ યશસ્વીતા મળે તેવી શુભેચ્છાઓ...

આપશ્રીએ સાંઘવનું ગૌરવ વધાર્યું છે.

**❋ શુભેચ્છક ❋**

**માતુશ્રી ગંગાબાઈ રામજી લોડાયા પરિવાર**
**(સાંઘવ-મુલુન્ડ)**

**હાર્દિક અભિનંદન !**



**ચિ. મયંક રૂપેન ધુલ્લા**
**(મલકાપુર)**

અમારા મયંકને SSCમાં ૯૪% ગુણાંક લઈ ઉતીર્ણ થવા બદલ હાર્દિક અભિનંદન ભાવિમાં હજીય વધુ પ્રગતિ કરો એવી શુભેચ્છા...

**-: શુભાશિષ :-**

**શ્રી ઉતમચંદ જેઠાભાઈ મુનવર પરિવાર**
**(મલકાપુર)**

## INTERESTING ANECDOTES

*- Dharmendra Ratilal Nagda (Matunga)*

We all are aware that more than a 100 years ago our Gnati Shiromani Seth Narsi Natha had said "Ask not what your community can do for you, ask what you can do for your community." In the same vein, nearly 40 years ago, American President John F. Kennedy had told his people "Ask not what your country can do for you, ask what you can do for your country". Truly a case of two great people thinking alike

During the visit of Scholar, Philosopher, Statesman and our President Dr. Sarvapalli Radhakrishnan to America during the presidency of John F. Kennedy, a very warm and interesting happening: On arrival at the Airport there was heavy rainfall accompanied by chilly winds. President Kennedy was somewhat apologetic about the weather conditions during the reception ceremony. Upon this President Radhakrishnan said "Mr. President, Sir, Please do not worry about the weather. Let the warmth and goodwill of our friendship drive away the cold and dampness that impedes this occasion".

Maheshwari Udyan at Matunga, Mumbai, is named in memory of our Late Shri Bhavanji Narsi Maheshwari. During the "Naamkaran" ceremony the Chief Guest was Honorable and Redoubtable Shri. Morarji Desai, Finance Minister of India. It may be recalled that as Chief Minister of erstwhile Bombay State (Which comprised of todays Maharashtra, Gujarat and some union territories) Shri. Morarji Desai had opposed the bifurcation and hence was unpopular with the locals who wanted "Amchi Mumbai". To show their resentment these locals carried and waved Black Flags. Upon this Morarjibhai said "Thank you, Dear Friends, for waving these black flags on this auspicious occasion so as to drive away all evil spirits from this area. This Maheshwari Udyan will always be a place of peace and cheer for all". With these remarks Morarjibhai scored a stunning victory and the opponents shut their mouths and beat a hasty retreat.

Late Prime Minister Jawaharlal Nehru had a motto "Know Thyself " By this he implied that one should know his own abilities and limitations as well. He was a True Democrat who believed in respecting the opposition party members in Parliament and valued their views. He was gracious enough to accept a suggestion, of M/s. Minoo Masani and Narayan Dandekar, of the then Swatantra Party, to split the Indian Navy Command into three i.e. Eastern Command, Southern Command and Western Command so as to ensure greater security for our country. Today the vast coast line of India is fully safeguarded. In similar vein, Late Minister Shri. S.K. Patil was gracious enough to accede to the urgings and demands of our Late Seth Bhavanji Arjan Khimji to develop and expand Kandla Port facilities and capacity. This has contributed to the development of our mother land Kachchh and facilitated trade as well as transport of goods.

On way to the Crucifixion site, Lord Jesus Christ was carrying the heavy wooden cross without any grumbling and declined any help from the onlookers saying " Everyone has to carry his own burden(cross) so let me do so without any regret or sorrow." When he was being crucified he said " Oh Lord, forgive them, for they do not know what they are dong". He graciously forgave his tormentors!

The doyen of the Indian Industry Late Shri. J.R.D. TATA was a very soft hearted and kind Parsi Gentleman. During a heavy shower he saw an unknown old person getting drenched and walking wearily on the road. Tatasaab told his driver to stop the car and invited the stranger to get in the car. Upon realizing that the kind man was J.R.D. TATA, the old man was taken aback. Tatasaab told the stranger " Please do not worry, we both are equal human beings. I am helping you so

that I do not feel the guilt of seeing you suffering". Needless to mention here how the old man felt.

The Late Chairman Emeritus of Kirloskar Industries Shri Shantanu Kirloskar was a true Karmayogi who'believed in hard work. When he was very unwell his manager et al went to see him in the hospital. All of them had a very sullen and sorrowful look on their faces. Seeing them Shantanu Saab said " For god's sake please do not put on those long and sorrowful faces. Please go ahead, get on to work and do a Top Quality Job. It does not matter what job you do. What matters is how well you do it! Even if you are a waiter in a hotel, serve your guests so well that whenever they come back, they will love to dine at your table. Go ahead and do a Quality Job

......". Somewhat similar is the case of Late Shri Karamsiseth Somaiya who was the founder of the Somaiya Group of Industries and Godawari sugar mills etc. Even at the ripe old age of 91 yrs Karamsibapa did not accept anybody's physical help for his daily chores. He always strode like a young titan till his last breath. Readers may be happy to know that Somaiya Hospital, College and Grounds belong to the Somaiya family of which Karamsibapa was the patriarch!

Very few of us know about Mahatma Gandhi's firm belief regarding the Dignity of Labour. He was a stickler for cleanliness. Often he would take upon himself the task of cleaning up his own washing place, bathroom etc. and similar was concern and action regarding his clean white clothes.

Acharya Vinoba Bhave, who led the Bhoodan movement and founded the Paunar Ashram at Wardha was a firm believer in paying a fair price to the locals for the items of daily consumption at the Ashram. On one occasion when he saw the Ashram manager urging the local vendors to unfairly reduce their selling prices Acharyaji told him "Let the poor vendor earn for his labour and his goods. We have many people who will donate money to us for our needs. Why do you want to deprive a poor man of his livelihood. Be fair and Just"

Here is something to Laugh! The late Mr. Piloo Mody M.P. was a very Jovial and humourous person. He was very fat, weighing more than 150 kg! On one occasion when he was leaving the Lok Sabha in the middle of a session he walked straight towards the door. Someone complained to the speaker "Sir, Piloo Mody is showing you his back. This is unparliamentary behavior" Piloo Mody shot back " Sir, I am very fat and round, I have no front or back!" Every one burst into laughter.




શ્રી ચંદ્રપ્રભ સ્વામીને નમઃ

NNN

નલીનપુર નારી નિગમ યોજે છે

વાણિજ્ય મેળો

સ્થળ સારસ્વત વાડી, મુલુન્ડ વેસ્ટ

દિવસ : ૧૩-૧૦-૨૦૧૨ શનીવાર

સસ્થાંના સભ્યોતથા જ્ઞાતિ જનોને વ્યાપાર વીકસાવવા સ્ટોલ રાખવા આમંત્રણ છે.

સંપર્ક નિયામક:
(૧) પૂર્વી છેડા ૯૯૨૦૩૨૮૬૦૨ (૨) માલિની નાગડા ૯૨૨૩૨૫૯૩૮૩
(૩) વીણા નાગડા ૯૯૬૭૬૬૬૩૮૦ (૪) નીલમ નાગડા ૯૮૩૩૮૪૮૪૦૩

આપસૌના સહકારની અભ્યર્થના

જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.

## કચ્છ-હાલારમાં સારો વરસાદ

તા.૮ થી ૧૦ સપ્ટેમ્બર અને તે પછી પણ માદરે વતન કચ્છ અને હાલારમાં સોનારૂપ વરસાદ પડયો.. સરેરાશ ૪ થી ૧૦ ઇંચ જેવો વરસાદ પડતાં.. હવે પાણી અને ઘાસચારાની અછત દુર થઈ છે. કચ્છના આઠે તાલુકામાંથી દુષ્કાળને જાકારો મળ્યો છે. અબડાસામાં ગયા રવિવારથી ૩ થી ૭ ઇંચ પાણી પડ્યા.. નલીયામાં ૫ ઇંચ વાંકુમાં ૪ થી ૫ ઇંચ, સુથરીમા ત્રણેક ઇંચ, તેરામાં પાંચ ઇંચ, જશાપર ૮ ઇંચ, લાખણીયા ૫ ઇંચ, નાની-મોટીસિંઘોડીમાં ૧૦ ઇંચ, જખૌ-લાલા ૧૦ ઇંચ જેવો મુશળધાર વરસાદ પડતાં લોકોમાં પ્રસન્નતા ખુશીનું વાતાવરણ છવાયું છે. એકધારો વરસાદ પડતાં અતિવૃષ્ટિનો ભય પણ ઉભો થયેલ.. પશ્ચિમ કચ્છને કુદરતે ન્યાલ કરી દીધી.. સમગ્ર ચિત્ર પલટાઈ ગયું છે. જળાશયો, તળાવો અને ચેકડેમો છલકાયા છે.

## શ્રી પ્રગતિ મહિલા મંડળ અને નેમયુશ ફોરમ, મોટી સિંઘોડી

મોટી સિંઘોડીના પ્રગતિ મહિલા મંડળ તથા શ્રી નેમયુથ ફોરમ દ્વારા તા.૧૩-૧૦-૧૨ના સાંજે ૫.૩૦ થી ૯ દરમ્યાન ગોપૂરમ (બાલાજી) હોલ મુલુંડ (વે)માં કાર્યક્રમ રાખેલ છે. જેમાં રાસ-ગરબાની વિવિધ સ્પર્ધાઓ રહેશે.. ભાગ લેનારે ટ્રેડીશનલ ડ્રેસમાં આવવાનું છે. બેસ્ટ પ્લેયર, બેસ્ટ ડ્રેસ કપલ વગેરેના ઇનામો રહેશે.. વયજુથ ૧૫ વર્ષ સુધીના-એ ગ્રુપ, ૧૬ થી ૩૦ વર્ષ-બી ગ્રુપ અને ૩૦ થી ઉપરના-સી ગ્રુપ રહેશે..

સભ્યોને તા.૩૦-૯ સુધી પ્રવેશપાસ મળશે.. નવા સભ્ય બની શકશે.. પ્રગતિ મહિલા મંડળના પાસ માટે સંપર્ક : નીતાબેન લોડાયા ૯૯૮૭૩૭૦૭૬૨ અને રેશ્મા લોડાયા ૯૯૬૭૬૪૭૧૮૩, નેમ યુથ ફોરમનાં સભ્યો માટે સંપર્ક વિશાલ શાહ ૯૮૧૯૩૭૩૮૨૮ અને ચિંતન લોડાયા૯૮૭૦૦૭૮૪૫૬નો સંપર્ક કરવો.. કાર્યક્રમ બાદ અલ્પાહારના વ્યવસ્થા ગોઠવેલ છે.

## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

સમસ્ત જ્ઞાતિ મહાજનના ઉપક્રમે જનજાગરણ સંપર્કની નાશિક મહાજનના સહયોગે યોજાનારી સભા અનિવાર્ય સંજોગોના કારણે હવે તા.૧૬-૯ના બદલે તા.૨૩-૯-૧૨નાં સાંજે પાંચ વાગ્યે નાશિકમાં યોજાઈ છે. સર્વેને સહભાગી થવા નિમંત્રણ છે. માટુંગા પછી કાંજુરમાર્ગ અનંતનાથ કોમ્પ્લેક્સ, નવી મુંબઈ અને થાણાંમાં સભાઓના આયોજન ગોઠવાઈ રહ્યા છે.

## શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ મહાજન-સાંધવ

મહાજનશ્રીના ઉપક્રમે વાર્ષિક સ્નેહમિલન રવિવાર તા.૭-૧૦-૧૨નાં સવારે ૯.૩૦ કલાકે શેઠ નરશી નાથા સભાગૃહ-ભાંડુપમાં યોજાયું છે. જેમાં તપસ્વી બહુમાન વિદ્યાર્થી સન્માન, રાસ રમઝટ અને સ્વામીવાત્સલ્ય જમણ રહેશે. સર્વે સાંધવવાસીઓ તથા નિયાણી બહેનોને પધારવા આમંત્રણ છે. બપોરે ૨ વાગે ત્યાંજ મહાજનની સામાન્ય સભા છે. જેમાં નૂતન મહાજનવાડી અને અતિથીગૃહ નિર્માણ અંગે ચર્ચા વિચારણા થશે.

## શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા

શ્રી સમસ્ત મહાજનના ટ્રસ્ટી, શ્રી ઉત્તર ભારત ક.દ.ઓ. એકમના પ્રમુખ અને અગ્રણી રાજકીય-સામાજિક યુવા કાર્યકર શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા (સુજાપર-રાયપુર) છત્તીશગઢ રાજ્યના સ્કાઉટ અને ગાઇડના હેડક્વાર્ટર કમીશનર પદે નીમાયા છે. આ વરણી બદલ જ્ઞાતિના હાર્દિક અભિનંદન. તેઓ ભાજપપક્ષ, વિવિધ સરકારી સમિતિઓ અને સામાજિક સંસ્થાઓમાં સક્રિય રીતે સંકળાયેલા છે.

## *"અનંતછાયા" પ્રકરણની સુનાવણી*

*"અનંતછાયા" બાબતે ચેરીટી કમીશનર* કાર્યાલયે ચાલતા કેસની આગળની સુનાવણી તા.૬-૧૦-૧૨ પર મુલત્વી રખાઈ છે.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

## રાષ્ટ્રીય ચિત્રકામ સ્પર્ધા

ભારત સરકારના ઉર્જા મંત્રાલય દ્વારા ધો.૪ થી ૯ના વિદ્યાર્થીઓ માટે "ઉર્જા સંરક્ષણ" વિષે ચિત્રકામ સ્પર્ધા યોજાઈ છે. વધુ વિગત www.bee_india.nic.inની મુલાકાતથી લઈ શકાશે.

## ગાંધીધામમાં મહાકાલી ભાવના

મંડળના ઉપક્રમે શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જૈન દેરાસરના ઉપાશ્રય ભારતનગરમાં તા.૨૩-૮-૧૨ના માતુશ્રી ચંદનબેન શાંતિલાલ મોમયા (સાંયરા) તરફથી ભાવના હતી. સારી સંખ્યામાં ભાવિકોએ લાભ લીધેલ. ભાવનામાં ઉદયભાઈ, જયંત, મનીષ, લીતેશ, અખલ, પ્રીતીબેન, ચંદ્રાકાબેન અને હરીશ ચુરલાએ સારી રમઝટ જમાવેલ. પીયુલ લોડાયાએ ઢોલથી રમઝટ જમાવેલ.

તા.૧-૯-૧૨ના રાત્રે શ્રી મહાકાલી માતાજીની ભાવના માતુશ્રી વેજબાઈ લઘુભાઈ લાપસીયા (બાયઠ) તરફથી હતી. ભાવનામાં સૌ સારી સંખ્યાએ લાભ લીધેલ.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્યનિધિ ટ્રસ્ટ-ચાલીસગામ

પૂ.સા.શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત અને પૂ.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શનથી ટ્રસ્ટ સુંદર રીતે સમાજોપયોગી પ્રવૃતિ કરે છે. ચાલીસગામમાં દર બુધવારે અને પાચોરામાં દર શનિવારે ગરીબોને ભોજનદાન ચાલુ છે. ટ્રસ્ટ દ્વારા ખાનદેશ વિભાગમાં જ્ઞાતિબંધુઓને અનાજવિતરણ કરવાનું કાર્ય ચાલુ કરે છે. જેનો કાયમતિથીનો નકરો રૂ.૫,૦૦૦ છે. એક વખત માટેનો નકરો રૂ.૫૦૦ છે, ટ્રસ્ટને વિવિધ દાન યોજનામાં નામ નોંધાવવા કાર્યકરોનો સંપર્ક કરવા જણાંવાયું છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-અમલનેર

તા.૨૭-૮-૧૨ના શ્રી તીલક પદમશી લોડાયાના જન્મદિન નિમિતે ઘરે સામાઈક રાખવામાં આવેલ. તેમણે સંઘની સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ અને પ્રભાવના કરવામાં આવેલ. તા.૩-૯-૧૨ના શ્રી પદમશી લક્ષ્મીચંદ લોડાયાની પ્રથમ પૂણ્યતિથી નિમિતે ગં.સ્વ. વિજયાબાઈ પદમશી લોડાયા તરફથી સમુહ સામાઈક રાખવામાં આવેલ. જેમા જાપ રાખવામાં આવેલ. બાદમાં શ્રી સંઘને શ્રીફળની પ્રભાવના કરવામાં આવેલ.

## સાભાર-સ્વીકાર:વડોદરા ક.દ.ઓ. સમાજની સરનામાબુક

શ્રી ક.દ.ઓ. જૈન સમાજ, વડોદરાની સરનામા પુસ્તિકા-૨૦૧૨માં વડોદરામાં વસતા જ્ઞાતિજનોનાં સરનામાં, ફોન-મોબાઈલ નંબરો, તેમની ધંધાકીય માહિતી તેમજ આપણી નિયાણીઓ જે અન્ય સમાજમાં પરણી છે તેમની યાદી પણ આપવામાં આવેલ છે. ઉપરાંત વડોદરાનાં જિનાલયો, આસપાસનાં જૈન તીર્થો, અગત્યનાં ફોન નંબરો, રેલ્વે ટાઈમ ટેબલ જેવી ઉપયોગી માહિતિનો સમાવેશ છે. તેમજ ગામ મુજબ અને નુખ મુજબ જ્ઞાતિનાં કેટલાં ઘરો છે તેનું પણ સર્વેક્ષણ પ્રગટ કરવામાં આવ્યું છે. આ રીતે સુઘળ છાપકામ અને સુગમ સાઈઝમાં પ્રગટ થયેલ પુસ્તિકા ઘણી રીતે ઉપયોગી બની છે.

## શ્રી મહારાષ્ટ્ર એકમ મહિલામંચ-કારંજા/મુર્તિજાપુર

મંચ તરફથી પર્યુષણ પર્વમાં મહિલાઓ અને બાળકો માટે હરીફાઈ રાખવામાં આવેલ. એક મિનીટ ગેમમાં ગહુંલી કાઢવાની હતી. સૌથી સુંદર ગહુંલી કાઢનાર બન્ને મહિલાઓ અને બાળકોને ઈનામ આપવામાં આવ્યા. બીજી ગેમમાં બાળકોને એક મિનીટમાં ૧૪ સ્વપ્ના ક્રમવાર ગોઠવવાના હતા. બધાજ ભાગ લેનારાને વિજેતાઓને પ્રોત્સાહન ઈનામ અપાયા. ઈનામોના દાતા શ્રી લક્ષ્મીચંદ કાનજી લોડાયા, શ્રી ઉમરશી દામજી લોડાયા, શ્રી મણીકાંતભાઈ મોતા અને શ્રી હીરાચંદ ત્રીકમજી ગોસર હતા. મંચ તરફથી દરેકને પેન અને પોકેટ ડાયરીની સંઘ પ્રભાવના પણ કરવામાં આવી. બાળકોને પેન્સીલ રબરની પ્રભાવના કરાઈ.

## શ્રી દ.ભા.ક.દ.ઓ.જૈન એકમ

તા.૧૪-૭-૧૨નાં એકમની કાર્યકારિણી સમિતિની સભા સવારનાં ૧૧વાગે હેરીટેઝ ફાર્મ, નેલમંગલામાં મળેલ. જેમાં એકમના વાર્ષિક અહેવાલ, અન્વેષિત હિસાબો, કચ્છી ભવન ડેવલપમેન્ટ અને કલ્પવૃક્ષયોજના વગેરે બાબતો પર વિચાર વિમર્શ કરાયેલ. સારી સંખ્યામાં સભ્યોની હાજરી હતી. સભા બાદ બપોરનાં ભોજનની વ્યવસ્થા ઘરમશી રીસોર્ટમાં હતી.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

શ્રી અખિલ ભારત અચલગચ્છ સંઘની કારોબારીમાં ઉપપ્રમુખપદે શ્રી શામજી નરશી દંડની થયેલ વરણી બદલ હાર્દિક અભિનંદન...

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

તા.૧૫-૭-૧૨નાં એકમની વાર્ષિક સામાન્ય સભા હતી. સવારનાં પૂ. મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.નું પ્રવચન સાંભળ્યા બાદ બપોરનાં ભોજન પછી સભા બહોળી સંખ્યામાં સભ્યોની હાજરીમાં એકમના કચ્છી ભવનમાં મળેલ. વાર્ષિક અહેવાલ અને અન્વેષીત આવકજાવકનાં હિસાબોને મંજૂરી આપવામાં આવી. વર્ષ ૨૦૧૨-૧૩ માટે ઓડીટર્સની નિમણુંક તથા તેમનું માનધન નક્કી કરવામાં આવ્યું. વર્ષ ૨૦૧૨માં SSC કે તેની સમકક્ષ પરીક્ષામાં એકમનાં કાર્યક્ષેત્રમાંથી ૮૦% થી વધારે ગુણાંક મેળવી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓની નોંધ લેવાઈ તથા દરવર્ષની જેમ સર્ટીફીકેટ તથા રોકડ રકમથી બહુમાન ગામના મહાજન તરફથી એકમ વતીએ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

ઈનામપાત્ર વિદ્યાર્થીઓ : મનાલી બીપીન મોમાયા (હુબલી) ૯૬.૧૬%, હુન્નર થાનેશ ધરમશી (બેંગલોર) ૯૦.૪૦%, ચીરાયુષ સંદીપ દંડ (બેંગલોર) A+, યશ અનીશ મોમાયા (હુબલી) ૮૮.૮૮%, તેજલ જયેશ લોડાયા (ગદગ) ૮૦.૧૬%, આકાશ નીતીન મોતા (કોચીન) A+, આદીત્ય અભય પોલડીયા (બડગરા) A+, માનસી જયેશ ખોના (કલીકટ) A+, ભાવીની હીરાચંદ મોતા (કલીકટ) A+, પ્રનીતા નીતીન લોડાયા (હૈદ્રાબાદ) ૮૨%, મેહુલ અનીલ નાગડા (હૈદ્રાબાદ) ૮૩%

### અચલગચ્છ જૈન સોસાયટી-આદીપુર

આદિપુર નજીક અંતરજાળમાં મહાવીરનગરમાં દાદા વિમલનાથનું નુતન દેરાસર તૈયાર થઈ રહ્યું છે. અત્રે જ્ઞાતિના અઠાવન ઘરો છે. જ્યાં દેરાસર-ઉપાસરાની ખાસ જરૂર હોતાં સાંયરામાં શ્રી શાંતિલાલ પદમશી લોડાયા પરિવારે વડીલોના સ્મરણાર્થે આરાધના હોલ ઉભું કરવા મંગલાચરણ કરેલ છે. ભવ્ય જિનાલય અને વિવિધલક્ષી આરાધના હોલ ઉભુ કરવા હામ ભીડી છે. લગભગ છએક મહિનામાં તૈયાર થઈ જશે. એ માટે શ્રી હરીશભાઈ તન-મનથી અમુલ્ય સેવા આપી રહ્યા છે. અને સંઘમાં આ નૂતન જિનાલય નિર્માણ કાર્યની નિર્વિઘ્ને સફળતા માટે અત્રે સંઘમાં તા.૨૯-૮-૧૨ થી પ્રભુ વિમલનાથનાં જાપનું આયોજન શરૂ થયું છે. જેમાં એકાસણાં કરનાર ભાઈ-બહેનોને દાતા તરફથી વ્યવસ્થા કરવામાં આવી છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, કોઇમ્બતુર

અત્રે જિનાલયની ૧૦મી વર્ષગાંઠ ખુબજ હર્ષોલ્લાસ સાથે તા.૧૦-૮-૧૨ના ઉજવવામાં આવેલ. આ પ્રસંગે શ્રી મુનિસુવ્રતસ્વામીના ૧૮ અભિષેક રાખવામાં આવેલ. જેમાં મહાજનના દરેક પરિવારે અભિષેકનો લાભ લીધેલ. વિધિવિધાન વિધીકાર શ્રી બિપીન ગુરૂજીએ કરાવેલ. મહાજનના પરિવારો એ ઉમંગે ઉછામણી બોલી લાભ લીધેલ.

અર્ક અર્પણ-શ્રીમતી કાંતાબેન કાનજી લોડાયા ૫૦૧ મણ, ચંદ્રદર્શન-શ્રી રતીલાલ ટોકરશી લોડાયા ૬૦૧ મણ, અષ્ટપ્રકારી પૂજા-શ્રી નવીનચંદ્ર વીરજી લોડાયા ૧૫૫૧ મણ, સુર્યદર્શન-શ્રી લક્ષ્મીચંદ ચાંપશી દંડ ૬૦૧ મણ, આરતી-શ્રીમતી જ્યોત્સના શરદ લોડાયા ૨૨૨૨ મણ, મંગળ દીવો-શ્રી સુરેશ માણીલાલ મૈશેરી ૨૨૨૨ મણ, શાંતિકળશ-શ્રી નવીનચંદ્ર વીરજી લોડાયા ૫૦૦૪ મણમાં લાભ લીધેલ. કાર્યક્રમ બાદ મહાજન દ્વારા સ્વામીવાત્સલ્ય જમણનું આયોજન હતું.


શુભેચ્છા સહ...

શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)

**UKKHIMJI & CO.**

144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057



"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

**Limited Stock...**
**એમ્બ્રોડરીની સેમ્પલ સાડીઓ અડધા ભાવે**
**મહાવીર એમ્બ્રોડેરી-માટુંગા (CR) માં...**

- હેન્ડ વર્ક-મશીન વર્ક પારસી સાડીઓનો નવો સ્ટોક
- Real અને Tested જરીની સાડી, ચણીયાચોળીમાં અનેક વેરાયટી.
- કસબ-બટકસબ ઝીક કસબની સાડી, બોર્ડરમાં નવી ડીઝાઈનો આવેલ છે.
- લગ્ન તથા શુભ પ્રસંગને અનુરૂપ Designer સાડીઓ. તમારી જુની સાડી ચણીયા-ચોળી સેલા ઓલ્ટ્રેશન કરી Designer Look બનાવી આપશું.
- પ્લેન પોત તથા બાંધણી માટે Fancy બોર્ડર મળશે.

**ફક્ત સાચી જરીની જુની સાડીઓ-બોર્ડરો અને ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું**

**મહાવીર'સ એમ્બ્રોઇડરી**

મહાવીર બીલ્ડીંગ કંપાઉન્ડ, ભંડારકર રોડ,
માટુંગા (સે.રે.), મુંબઈ-400019.
ફોન : 24025070, 65046030, 8652239537
www.mahavirembroidery.in (Sunday Closed)
નોંધ : એમ્બ્રોયડરી તથા સાડીની દુકાન માટે અનુભવી/બીનઅનુભવી સેલ્સમેન જોઈએ છે. પગાર લાયકાત મુજબ.

"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

## ગામેગામ ઉજવાયા પર્વાધિરાજ પર્યુષણ-ઉલ્લાસભાવે તપ, જપ, વ્રત-ધૃતની વરસી આરાધના હેલી...

### શ્રી ક.દ.ઓ. જૈન સંઘ, પુના

પર્વાધિરાજ પર્યુષણની ઉજવણી પુના સંઘે હર્ષ અને ઉલ્લાસપૂર્વક કરી. બીજના ધૃત ઉછામણીમાં સૌએ સુંદર બોલી બોલીને ચઢાવાનો લાભ લીધેલ. સ્વપ્નાનું કુલ ધૃત ૫૬૨૧૯ મણ થયેલ. પારણાં પધરાવવાનો લાભ શ્રી મોહનલાલ જીવરાજ નાગડા પરિવારે લીધેલ. સ્વપ્નના દિવસે ચૌવિહારનો લાભ શ્રી જેઠાભાઈ નરશી લોડાયા પરિવાર, હસ્તે શ્રી દિનેશ લોડાયાએ લીધેલ.

સાંવત્સરિક પ્રતિક્રમણ આશરે ૧૬૦ જ્ઞાતિજનોની હાજરીમાં ભક્તિભાવથી થયેલ. સંવત્સરી પ્રભાવનાનો લાભ સૌ. લતા દિનેશ મોમાયાએ લીધેલ.

તા.૨૬-૮-૧૨ના સંઘની સામુહિક ક્ષમાપના અને સ્વામીવાત્સલ્યનો કાર્યક્રમ થયેલ. પ્રથમ કાર્યક્રમના અતિથિવિશેષ શ્રી શરદ કાંતિલાલ નાગડા હતા. નવકારપઠન બાદ સૌ. મધુરીબેન વિસનજી લોડાયાએ સકળ સંઘને સામુહિક ક્ષમાપના કરાવેલ. જ્ઞાતિશિરોમણી શેઠશ્રી નરશી નાથાની છબીને હાર પહેરાવાનો લાભ શ્રી પ્રશાંત પદમશી લાલકાએ લીધેલ. સંઘમાં બે અઠ્ઠાઈ અને અન્ય વિવિધ તપ થયેલ.

સર્વે તપસ્વીઓની અનુમોદના કરી બહુમાન કરવામાં આવ્યું. તપસ્વી બહુમાનનો લાભ શ્રી જ્ઞાનેશ ચિમનલાલ ડાગા પરિવારે લીધેલ. ત્યારબાદ પુનામાં નવા આવેલ કુટુંબોનો પરિચય અપાયેલ.

પુના સંઘના નવા "વસતીપત્રક"નાં વિમોચનનો કાર્યક્રમ થયો. અતિથિવિશેષ શ્રી શરદભાઈના હસ્તે વસતીપત્રકનું વિમોચન કરાયું. પ્રથમ બુક પ્રમુખ શ્રી દિનેશ પદમશી મોમાયાને અપાઈ. વસતીપત્રકમાં જાહેરખબર આપનારાઓ સન્માન કરાયેલ. સમિતિ દ્વારા બહુમાન કરી સન્માનપત્ર અપાયું. વસતીપત્રક સંકલન કાર્યમાં શ્રી માણેકજી લોડાયા, શ્રી વિજય રતીલાલ પીર, શ્રી ખુશાલ લાલજી મૈશેરી, સૌ. મીતા પ્રશાંત લાલકા અને સૌ. કલ્પના દુષ્યંત લાપસિયા સક્રિય રહ્યા. જાહેરખબર સંકલન માટે સહાયરૂપ થનાર શ્રી હેમંત શામજી મોતાનું સનમાન કરાયેલ.

પર્યુષણ પર્વ દરમ્યાન વિવિધ નકરાઓનો લાભ લેનાર દાતાતઓનો સ્મૃતિચિન્હ આપી સન્માન કરવામાં આવ્યું. આ વર્ષના શૈક્ષમિક બહુમાનના દાતા શ્રીમતી ઉર્મિલાબેન વીરચંદ ઘરમશી અને ઘરમશી ફાઉન્ડેશન હસ્તે શ્રી માણેકજી દેવજી ઘરમશી રહ્યા. કાર્યક્રમના સ્વામીવાત્સલ્યના સહાયક દાતા તરીકે શ્રી પ્રવીણ ખેતશી કુરૂવા, શ્રી રતિલાલ કુંવરજી ઘરમશી પરિવાર, શ્રી અતુલ પદમશી નાગડા, શ્રી જેઠાભાઈ નરશી લોડાયા પરિવાર હસ્તે શ્રી દિનેશભાઈ, શ્રી રવિન્દ્ર હરીશ મુનવર, શ્રી શરદ કાંતિલાલ નાગડા, શ્રી રાયચંદ માલશી મોતા હસ્તે શ્રી દુષ્યંત મોતા અને સૌ. ચંદ્રિકાબેન કિશોર રતાણી રહ્યા.

૬૫ જેટલાં વિદ્યાર્થીઓનું શૈક્ષણિક બહુમાન તેમને ઉપયોગી ભેટ-વસ્તુ આપી કરવામાં આવેલ. વિદ્યાર્થીઓએ અભ્યાસ ઉપરાંત કરેલ ઇતર પ્રવૃત્તિઓ તેમનાં શોખ અને વિશેષ ઉપલબ્ધિઓનો ઉલ્લેખ કરવામાં આવેલ. આ નિમિતે ઘરમશી ફાઉન્ડેશન તરફથી દર મહિને રૂા. પાંચ હજારની શૈક્ષણિક સહાય જાહેર કરવામાં આવી, જેને સર્વેએ તાળીઓથી વધાવી લીધી. કાર્યક્રમ બાદ સ્વામીવાત્સલ્યનો લાભ લઈ સહુ છુટા પડ્યાં.

### અંકલેશ્વર

અત્રે પર્યુષણ પર્વ ઉત્સાહથી ઉજવાયા. પોથી પધરાવાનો લાભ ૫૫૫ મણમાં શ્રી નવીન લક્ષ્મીચંદ લોડાયા તથા વહોરાવવાનો લાભ શ્રી જીતેન્દ્ર દેવજી મોતા પરિવારે લીધેલ. બીજના સ્વપ્ન ધૃતની કુલ ઉછામણી ૧,૬૨,૨૧૮ મણ થઈ. મોક્ષની બારી ખોલવાનો ચડાવો ૧૧,૧૧૧ મણમાં શ્રી કાનજી વિરમ લોડાયા, લક્ષ્મીજી ગુલાવવાનું ૧૪,૧૧૪ મણમાં શ્રી અંકીત જીતેન્દ્ર મોતા, લક્ષ્મીજી પધરાવવાનું ૧૧,૧૧૧ મણમાં શ્રી કાનજી વિરમ લોડાયા, વહાણ ઝુલાવાનું ૧૧,૧૧૧ મણમાં શ્રી જેઠાભાઈ વીરજી દંડ તથા પધરાવવાનું ૧૩,૫૦૦ મણમાં શ્રી માણેકજી કેશવજી દંડ પરિવારે લાભ લીધેલ. પારણું ઝુલાવવાનો


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

લાભ ૧૪,૦૧૩ મણમાં જયાબેન અને પુષ્પાબેને લીધેલ. પારણું પધરાવવાનો લાભ ૧૧૩૨ મણમાં યશ ચંદ્રેશ શાહે લીધેલ. બારસાસૂત્ર વહોરાવવાનો લાભ ૧૦૦૮ મણમાં ચાર્મી અક્ષય રાવલે લીધેલ. પર્વ દરમ્યાન ઘૃતની કુલ ઉછામણી ૧,૯૦,૦૦૩ મણ થઈ. સંઘમાં બે અઠ્ઠાઈ હતી. પર્વ દરમ્યાન બન્ને ટાઇમ દાતાઓ તરફથી સાધર્મિકભક્તિ સંઘના રસોડે થઈ. રોજ રાત્રે ભાવના બાદ સાંસ્કૃતિક કાર્યક્રમો અને અવનવી ગેમ્સ બધાનું આકર્ષણ બન્યા. પર્વની આરાધના કરવા આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠથી બહેનો પધારેલ. જીવદયામાં સારી ટીપ થઈ.

સંઘ દ્વારા તા.૨-૯-૧૨ના કોબા-સેરીશા-પાનસર-નંદાસણ તથા ભોંયણી ચૈત્ય પરીપાટીનું આયોજન હતું.

## કોલકતા

અત્રે પર્વ પર્યુષણ સારી રીતે ઉજવાયા આરાધના કરાવવા મુંબઈથી રાજાભાઈ નંદુ, કલ્પેશભાઈ અને જયભાઈ પધાર્યા હતા. રોજ નવા પૂજન અને વિધિઓ ઉલાસથી કરાવેલ. સંઘે પૂર્ણ ઉલાસથી ભાગ લીધો.

પારણું શ્રી જયંતભાઈ બુરીચા, કલ્પસુત્ર શ્રી શાંતિભાઈ (જબલપુર) એ પધરાવેલ. અત્રે સ્વપ્ન છેલ્લા ૧૦ વરસથી લક્કી ડ્રો પધ્ધતિએ ભાગ્યશાળીઓને અપાય છે. તેમાં ૧૧ સ્વપ્ન દાદાની કૃપાએ નાગડા પરિવારને મળેલ. દરેક લાભાર્થીને તિલક કરવાનો લાભ શ્રી શાંતિભાઈએ લીધેલ. આઠ દિવસ સંઘ દરેક કાર્યમાં પુરો લાભ લઈ શકે તે હેતુસર માત્ર રૂા.૧૦ના ટોકન પ્રમાણે બન્ને ટાઇમ સંઘને જમવાની વ્યવસ્થા કચ્છી ભવનમાં હતી. આ વર્ષે તપસ્યા સારી થઈ. રાત્રે ભાવનામાં રેવંતીબેન રાયચંદ નાગડાએ સ્વરચીત કલકતા ગીત ગાઈ સંભળાવેલ છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન–નાશિક

અત્રે જ્ઞાતિ પરિવારોએ સંઘ સાથે મળી આનંદ-ઉત્સાહભાવથી પર્યુષણ ઉજવ્યા. સુંદર રીતે તપ-જપ-વ્રત-ઘૃત થયા. દરરોજ પુજાપાઠ, વ્યાખ્યાન, પ્રતિક્રમણ આદિ સારી રીતે થયા. અત્રે જ્ઞાતિના ૩૫ પરિવારો છે. ૩ જણાંની અઠ્ઠાઈ હતી. પોથી-પારણા-સ્વપ્નદર્શન અને સંવત્સરી પ્રતિક્રમણમાં સૌએ ઉમંગે ભાગ લીધેલ. છઠ્ઠના સામુહિક ક્ષમાપના કાર્યક્રમ રહેલ. આ પ્રસંગે સ્વામીવાત્સલ્ય જમણ શ્રી પ્રદીપ દેવશી લોડાયા પરિવાર (જખૌ) તરફથી રહેલ.

વિવિધ દાતા પરિવારોના સહયોગે અયોજીત ચૈત્ય પરિપાટીમાં ૪૫ જણાં નાશિક, દેવલાલી, ચાંદવડ, પારોલા, જલગામ, દાદાવાડી જિનાલયોના દર્શન કરી. ત્યાં ગુરૂ મહારાજોને વંદન કર્યા. જલગામમાં પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી આ.ઠા.ને સંવત્સરી ખમાવી ગુરૂવંદન લાભ લીધો. પૂજ્યશ્રીએ સંઘને માંગલિક સાથે મિચ્છામિ દુક્કડમનો મર્મ સમજાવી ધર્મ લાભ આપ્યા.

અત્રેના જૈનમ મહિલામંચની બહેનોએ દરેક કાર્યમં સુંદર સાથ સહકાર આપેલ. મહાજનની ટીમ દરેક સંઘ કાર્યમાં જહેમત લઈ વ્યવસ્થા સંભાળેલ.

અત્રેથી કાર્યકરો મહારાષ્ટ્ર એકમની વાર્ષિક સભા અને મહિલામંચના કાર્યક્રમમાં ભાગ લેવા ગયેલ.

મહાજનના સહયોગે અત્રે સમસ્ત મહાજનની જનજાગરણ સંપર્ક સભા સંજોગવશાત્ તા.૧૬-૯ના બદલે રવિ. તા.૨૩-૯-૧૨ના સાંજે ગોઠવાઈ છે.

જ્ઞાતિના ૮મા વસતીપત્રકના ફોર્મસ્ અહીં વસતા પરિવારોને પહોંચતા કરાયા છે જે નવી માહિતી સાથે ભરીને જલ્દીથી એકત્ર કરી વસતીપત્રક સમિતિને એકમના માધ્યમે મોકલાશે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન–ચેન્નઈ

અત્રે પર્યુષણ પર્વ સુંદર આરાધનાસહ પરીપુર્ણ થયા. બીજના શ્રી ક.દ.ઓ. અને ક.વી.ઓ. કચ્છી મિલન સંઘે પારણું પધરાવી સામુહીક લાભ લીધેલ. કચ્છી મિલનના પ્રાંગણનાં પ્રભુભક્તિ ભાવનામાં ચેન્નઈના ૧૧ વિવિધ મંડળોએ ભક્તિની રમઝટ જમાવેલ.

શ્રીમતી જયશ્રી પ્રફુલ મોતાના સુપુત્ર ચિ. નેવીલના માસક્ષમણ તેમજ પરિવાર સભ્યોની સાત અઠ્ઠાઈના ભવ્ય પ્રસંગે છઠ્ઠપારણાંના તપસ્વીઓના પારણાં નિમિત્તે પૂ.વિતરાગયશ મ.સા. તેમજ પૂ.સાધ્વીજી (બેન મ.સા.) આ.ઠા. ચાર સાથે સંઘ વાજતે ગાજતે શ્રી પ્રફુલ મોતાના નિવાસસ્થાને પધારેલ. સામુહીક ભક્તામરપાઠની આરાધના થઈ. ત્યારબાદ માંગલીક સહ આશીર્વાદ પ્રદાન કરી તપસ્વીઓને પારણાં કરાવેલ અને સંઘ માટે સાધર્મિક ભક્તિ હતી. શ્રી કચ્છી મિલનમાં તપસ્વીઓના પારણા અને સકળ સંઘની નવકારશી શ્રી જીવરાજ ચાંપશી અજાણી પરિવાર હસ્તે શ્રીમતી તરલાબેન કુમારપાલ અજાણીએ લાભ લીધેલ.

છઠ્ઠના રાત્રે તપસ્વીની અનુમોદનાર્થે પ્રભુભક્તિનો કાર્યક્રમ માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર તરફથી રાખવામાં આવેલ. શ્રી આદીનાથ જૈન મંડળે ભક્તિભાવના કરાઈ. સકળ સંઘે બધા કાર્યક્રમોમાં ભાવ તેમજ હર્ષપૂર્વક ભાગ લીધો.

## નલીયા

નલિયા તીર્થે પર્યુષણ મહાપર્વની ઉજવણી પુ.સા. શ્રી ધર્મકીર્તીશ્રીજી મ.સા.આ.ઠા..૩ની નિશ્રામાં સુપેરે થયેલ.. કલ્પસુત્ર ૧૫૦૧ મણમાં લક્ષ્મીબેન લહેરચંદ નાગડાએ તથા પારણું ૩૧૩૧ મણમાં શ્રી નરશી હીરજી લોડાયા પરિવાર (નલિયા)એ પધરાવેલ. પર્વ દરમ્યાન સ્વપ્નાનું કુલ ધૃત ૬૮૦૦૦ મણ અને પર્વનું કુલ ધૃત ૧,૦૮,૦૭૬ મણ થયેલ. કલ્પસુત્ર અને પારણાંના વરઘોડા દમદમાભેર નીકળેલ. કલ્પસુત્ર-બારસાસુત્રનું વાંચન પૂ.સા. ધર્મકીર્તીશ્રીજીએ કરેલ.. બહારગામથી ૫૦ જણાં પધારેલ.

એક ૧૧ ઉપવાસ, અઠ્ઠાઈ તપ ઉપરાંત સમોવસરણ તપ ૩, તા.૨૦-૮-૧૨ના સમુહસાંજી હતી. સંઘ તરફથી ચૈત્યપરિપાટી તા.૨૭-૮-૧૨નાં હતી જેમાં ૬૦ જણાં જોડાયા. કોઠારા, આદીપુર, વર્ધમાનનગર, કોવઈનગર, તેરા તીર્થદર્શન તથા ગુરૂવંદનનો લાભ લિધેલ. પર્વ દરમ્યાન પાંગળાપોળ, સાધર્મિક ભક્તિ, સાધુસાધ્વી વૈયાવચ્છ તથા માનવરાહત ફંડ થયેલ. શેઠશ્રીની છબીને હાર પહેરાવવાનો લાભ શ્રી સોમચંદ ધારશી નાગડા પરિવારે રૂા.૪૦૦૦માં લીધેલ.

તા.૨૨-૮-૧૨ના સ્વામિવાત્સલ્ય જમણવાર રતનબાઈ રતનશી નેણશી (લુણી-નલિયા) તરફથી ભોજનશાળામાં રાખવામાં આવેલ.

## કોઇમ્બતુર

અત્રે પર્યુષણ મહાપર્વ ધર્મ આરાધના સાથે સહર્ષ ઉજવાયા.. આરાધનાર્થે મુંબઈથી શ્રી આર્યરક્ષિત તત્વજ્ઞાન વિદ્યાપીઠના શ્રી કેશવજી ધારશી ગડા તથા પ્રવિણભાઈ સાવલા પધારેલ.. એમના સાનિધ્યમાં પર્વ ઉજવણી અનેરા ઉલ્લાસ થઈ. સરળ શૈલીની સમજથી વ્યાખ્યાન તેમજ કલ્પસુત્ર શ્રવણમાં સર્વે ઓતપ્રોત થઈ ગયા.. રાત્રે પ્રભુભક્તિ ભાવના માટે અગર (M.P.) થી શ્રી રમેશભાઈ ચૌહાણ પધારેલ. તેમણે ભાવનાની સારી રમઝટ જમાવી.. ભાવના દરમ્યાન ધાર્મીક સ્તવનોના આધારે તંબોલા ગેમ રમાડવામાં આવેલ.. યુથ ફોર્મ દ્વારા સિધ્ધાચલ તીર્થ વિષયે Treasure hunt તેમજ બાળકો માટે નવકારમંત્ર તથા ૨૪ ભગવાનના નામ અને લાંછન પર વિવિધ હરીફાઈઓ યોજવામાં આવેલ જેમાં નાના-મોટા સર્વે ઉમંગથી ભાગ લીધેલ.

પર્વ દરમ્યાન વિવિધ ઉછામણીનો લાભ સંઘના દરેક પરિવારે ખુબજ હોંશથી લીધેલ.

શ્રી કલ્પસુત્ર પધરાવવાનો લાભ શ્રીમતી ધનલક્ષ્મીબેન દિનેશ લોડાયા ૨૨૨૨૨ મણમાં, બીજના પ્રભુજીને પારણાંમાં પધરાવવાનો લાભ શ્રી રતીલાલ ટોકરશી લોડાયા પરિવાર ૪૦૦૦૫ મણમાં, પારણુ પધરાવાનો શ્રી રતીલાલ ટોકરશી લોડાયા ૧૫૫૫૫૫ મણમાં લીધેલ, બારસાસુત્ર અર્પણ કરી સકળસંઘને ચિત્રદર્શન કરાવવાનો લાભ શ્રી નવીનચંદ્ર વીરજી લોડાયાએ રૂા.૪૫૪૫માં લીધેલ.

છઠ્ઠના જિનાલય દ્વાર ઉદ્દઘાટનનો લાભ શ્રી લક્ષ્મીચંદ ચાંપશી દંડ પરિવાર રૂા.૪૫૪૫માં લીધેલ.. સવારના અઠ્ઠાઈ અને અન્ય તપસ્યા કરનારાની શોભાયાત્રા વાજતે ગાજતે શ્રી કે.ડી.ઓ.. ભવન ખાતે પધારેલ.

તપસ્વીઓના પારણા તેમજ નવકારશી શ્રીમતી ગુણવંતીબેન વીશનજી લુઠીયા, શ્રીમતી ટીના દિવાકર, શ્રી લક્ષ્મીચંદ ચાંપશી દંડ અને શ્રીમતી મધુબેન દીપક દેસાઈ પરીવારોએ સાથે મળી લાભ લીધેલ.

આ વર્ષે બાવન ઐતીહાસીક અઠાઈના પારણા સકળસંઘની હાજરીમાં થયા.

પારણાની શોભાયાત્રા સકળસંઘ સાથે વાજતે-ગાજતે શ્રી રતીલાલ ટોકરશી લોડાયાના નિવાસસ્થાને ગયેલ. જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાની છબીને ફુલહાર પહેરાવવાનો લાભ શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવારે રૂા.૩૬૩૬માં લીધેલ.. સામુહિક ક્ષમાપના બાદ દુધનો લાભ શ્રીમતી વેજબાઈ ગોવિંદજી નાગડા તેમજ શ્રી અનિલ હિરાચંદ ધુમ પરિવારે લીધેલ. બપોરના સ્વામીવાત્સલ્યના લાભાર્થી માતુશ્રી કમલબાઈ વિરજી લોડાયા પરિવાર હસ્તે શ્રી શરદ કાનજી લોડાયા, શ્રી નિતીન કાનજી લોડાયા, શ્રી લિતીન નવિનચંદ્ર લોડાયા, શ્રી ભાવેશ દિનેશ લોડાયા તેમના પરિવારમાં થયેલ અઠ્ઠાઈ તપ નિમિતે લાભ લીધેલ.

તપસ્વીઓ તેમજ આરાધના કરાવનાર ભાઈઓનું બહુમાન મહાજનના પ્રમુખ શ્રી અનિલ દેવશી ડાઘા તથા તેમના માતુશ્રી ગંગાબાઈ દેવશી વીરજી ડાઘાના હસ્તે કરવામાં આવેલ.. સંવત્સરીના બારસાસુત્ર વાંચન બાદ સકળ સંઘ સાથે સ્થાનિકે જિનાલયોની ચૈત્યપરીપાટી દર્શન થયેલ.

બીજના સ્વપ્નાનું કુલ ધૃત મણ ૬,૫૩,૯૪૯ થયેલ.

પુ.આ.ભ. શ્રી આર્યરક્ષિત સૂરીશ્વરજી મ.સા.ની નવમી શતાબ્દિ તથા પૂ.આ.ભ.શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.સા.ની જન્મ શતાબ્દિ વર્ષે કોઈમ્બતુર નગરે મહાજન આયોજીત પર્યુષણ મહાપર્વની શ્રેષ્ઠ તપ-જપ અને આરાધના કરવામાં આવી જેમાં સંઘના ઉપકારી અને કર્મયોગી, પ્રતિભાશાળી આત્મા ડો. સુનીલ દેવશી ડાઘાની પુણ્ય પ્રેરણા અને મંગળ આશીર્વાદથી અઠ્ઠાઈતપની રેકોર્ડ તપશ્ચર્યા થઈ. એ નિમિતે શ્રી સિધ્ધચક્ર મહાપૂજન તથા સામુહિક સાંજીનું

આયોજન શ્રી સંઘ દ્વારા તા.૨૬-૮-૧૨ના પૂજન થયેલ. પૂજન શ્રી કેશવજીભાઈ ગડા તથા શ્રી પ્રવિણભાઈ સાવલાએ ખુબજ સરસ વિધી વિધાન સાથે કરાવેલ. પૂજન બાદ આરતી શ્રી અનિલ હિરાચંદ નાગડા ૩૫૩૫ મણમાં મંગળ દીવો, શ્રી ગોવિંદજી નરપાર નાગડા ૨૫૨૫ મણમાં, તથા શાંતિકળશનો લાભ શ્રી દેવશી વિરજી ડાઘા પરિવારે ૧૫૫૦૧ મણમાં લીધેલ. મહાજન તરફથી સ્વામી વાત્સલ્ય હતું સાંજે સર્વે તપસ્વીઓનું બહુમાન શ્રીફળ તથા યાદગાર મોમેન્ટો સાથે મહાજનના પ્રમુખશ્રી દ્વારા કરવામાં આવેલ, તેમજ અણાથમીની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલ.

## અલ્પઈ

અત્રે પર્યુષણ ખૂબ સારી રીતે થયેલ. આરાધના કરાવવા શ્રી આર્યરક્ષીત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ મુંબઈથી કંચનબેન દેઢીયા તથા ચૈતાલી છેડા પધારેલ.

કલ્પસૂત્ર પધરાવવાનું શ્રી જૈન મિત્ર મંડળે ૧૧ મણમાં લીધેલ. પારણું પધરાવવાનો ૧૧ મણમાં શ્રી કિરણ નારાણજી મોમાયાએ લીધેલ ૧૧ મણમાં કલ્પસૂત્ર અને બારસાસૂત્ર વહોરાવવાનું લાભ શ્રી દિનેશ મુલજી મોમાયા (ડોંબિવલી) પરિવારે લીધેલ. પર્યુષણ પર્વનું કુલ ઘૃત ૧ લાખ ૨૮ હજાર મણ થયેલ છે. તપશ્ચર્યામાં અઠ્ઠમ-૨ આઠ એકાસણા-૧૧, ૪૫ દિવસ એકાસણાં-૧ થયા.

## વરાડીયા

અત્રે પર્યુષણ પર્વ આરાધના કરાવવા આર્યરક્ષીત વિદ્યાપીઠતી રસીલાબેન ઉમરશી પાસડ અને વાસંતીબેન પ્રવિણ ગડા પધારેલ. પર્યુષણ પર્વની ઉમળકા ભેર ભક્તિ ભાવનાથી ઉજવણી કરવામાં આવી. દરરોજ રાઈ પ્રતિક્રમણ ભક્તામર સ્તોત્રપઠન, વ્યાખ્યાન પંચ કલ્યાણક પુજા, દેવસીય પ્રતિક્રમણ, આંગી, ભક્તિ ભાવના વગેરે રહેતા. લક્કી ડ્રો તથા સંઘપુજન કરવામાં આવ્યા. સ્વપ્નાનું ઘૃત ૪૩૩૫૧ મણ કલ્પસુત્ર (પોથી) ૧૩૧૩ મણ માતુશ્રી રતનબાઈ કુંવરજી પટેલ, પારણું ૧૦૦૧ મણ માતુશ્રી ધનબાઈ લખમશી મોમાયા, અન્ય ઘૃત ૧૯૩૩૬ મણ સાથે કુલ ૬૫૦૦૨ મણ થયેલ. શેઠ શ્રી નરશી નાથાની છબીને હાર પહેરાવવાનો લાભ માતુશ્રી રતનબાઈ કુંવરજી પટેલ પરિવારે લીધેલ. નાનીમોટી તપસ્યા સાથે પર્વ દરમ્યાન સાધર્મિક ભક્તિના લાભ માતુશ્રી રતનબાઈ કુંવરજી પટેલ, માતુશ્રી હિરાબાઈ મેઘજી મોમાયા, માતુશ્રી મણીબાઈ મધુકાંત મોમાયા, માતુશ્રી ચંદનબાઈ દેવશી લોડાયા, માતુશ્રી હિરબાઈ રતનશી ડાઘા, માતુશ્રી કસ્તુરબાઈ દામજી ડાઘા, માતુશ્રી રતનબાઈ હેમરાજ મોમાયા, માતુશ્રી ભાનુમતી કરમચંદ વિકમશી, માતુશ્રી ગંગાબાઈ નરશી દંડ પરિવારે લીધેલ. મોક્ષનો ગંભારો ખોલવાનો લાભ તેમના નિવાસસ્થાનેથી માતુશ્રી સોનબાઈ લાલજી લોડાયા, પરિવારનું સામૈયું કરવામાં આવેલ. પ્રભુજીની અંગ રચના કરનાર સુરેશ લખમશી દંડ, ગાયક કલાકાર બીપીન કરશનજી રાજગોર, કર્મચારીગણ તથા આરાધક બહેનોનું સન્માન કરવામાં આવેલ.

કોઠારા, નલીયા, તેરા, બાંઢીયા, પાર્શ્વ વલ્લભધામ વર્ધમાનનગરના ચૈત્ય પરીપાટીનું આયોજન કરવામાં આવ્યું. તા.૧૩-૮-૧૨ના મુંબઈથી જતાં નવકારશીનો લાભ શ્રી રોનક ચંદ્રકાંત મોમાયાએ લીધેલ. પર્વ દરમ્યાન શ્રી સંઘ તરફથી ગાયોને ચારો નાખવામાં આવેલ.

## સાંયરા

અત્રે તા.૧૨-૮-૧૨ના મુંબઈ, દેશાવર અને બહારગામથી પર્વ ઉજવણી કરવા ૪૦ જણાં પધારેલ. તા.૧૩-૮-૧૨ના સંઘના ભાઈબહેનો આરાધક બહેનો ને તેડવા બાડા તથા સુથરી ગયેલ. આરાધક મુલબાઈ મણીલાલ ખીમસરીયા અને હીરાવંતી લહેરચંદ ધરમશી પધારેલ અને સરસ આરાધના કરાવી. કલ્પસૂત્ર (પોથી) પધારવાનો ૧૯૯ મણમાં માતુશ્રી તારાબાઈ જેઠાલાલ મોમાયા પરિવારે લાભ લીધેલ. રાત્રિ જાગરણ તથા કલ્પસૂત્રના વરઘોડામાં પખાવાજ મંડળીએ રંગત જમાવેલ. કલ્પસૂત્ર સૂત્ર વહોરવાનું ૨૨૫ મણમાં શ્રી લાલજી તેજપાલ મોમાયાએ લાભ લીધેલ.

પારણું ઝુલાવાનું ૧૧૧૧ મણમાં સેજલ મુલચંદ મોમાયાએ લીધેલ. પારણું પધરાવવાનું ૫૫૫ મણમાં માતુશ્રી દમયંતી લક્ષ્મીચંદ લોડાયા પરિવારે લીધેલ. સ્વપ્નનું ઘૃત ૪૯૮૭૭ મણ થયેલ. કુલ ઘૃત ૭૦૦૯૨ મણ થયેલ. ભાદરવા સુદ ૩ના મહાકાળી માતાજીની ભાવના રૂા.૩૬૯૯ માં માતુશ્રી દમયંતીબાઈ લક્ષ્મીચંદ લોડાયા પરિવારે લાભ લીધેલ ભાવનામાં રાપરગઢવારી સાંઘવ તથા શ્રી શાંતિજિન ગ્રુપના અધ્યક્ષ શ્રી જયેશભાઈ જૈને સારી રમઝટ જમાવેલ. ભાવનામાં રૂા.૧૦નું સંઘપૂજન માતુશ્રી વાલબાઈ દામજી ધ્રોળ પરિવાર તરફથી થયેલ. આઠ દિવસ વિવિધ દાતા તરફથી ભક્તામર લક્કી ડ્રો યોજાતા પ્રભાવના તથા ચૈત્ય પરિપાટીના દાતાઓ હતા. ચોથના સમૂહસાંજી રાખેલ તથા તપસ્વીઓનું બહુમાન કરેલ જેમાં તીલક કરવાનો લાભ રમીલાબેન વિજય ખોના (સુથરી) માળા પહેરવવાનો લાભ જવેરચંદ અરજણ લોડાયા,

શ્રીફળ પ્રભાવના માતુશ્રી ઉમાબાઈ વાલજી ધ્રોળ પરિવાર છઠ્ઠના તપસ્વીઓના પારણાંનો લાભ માતુશ્રી ધનબાઈ દામજી લોડાયા પરિવારે લીધેલ.

પાંચમના બારસાસુત્ર વહોરવાનું લાભ શ્રી કીરીટ કુંવરજી લોડાયાએ લીધેલ. છઠ્ઠના સમુહ ક્ષમાપના કરાઈ જ્ઞાતિ શીરોમણી શેઠશ્રી નરશી નાથાની છબીને હાર પહેરાવવાનો લાભ માતુશ્રી ધનબાઈ દામજી લોડાયા પરિવારે લીધેલ.

નાનીમોટી તપસ્યાઓ ૧૧ થયેલ. દ્વારોઉદ્ઘાટના ચડાવા પ્રભુજીનો રંગમંડપ ૧૬૧૬ મણમાં માતુશ્રી ઉમાબાઈ વાલજી ઘોળ પરિવાર ગંભારો ૨૦૦૭માં શ્રી વીરચંદ રતનશી ધરમશી, શાંતિનાથ દેરી ૫૦૧માં લક્ષ્મીબાઈ નરશી મૈશેરી (નાનીસિંધોડી) અજીતનાથની દેરી ૫૨૧માં માતુશ્રી ધનબાઈ દામજી લોડાયા તા.૧૩-૮-૧૨થી તા.૨૨-૮-૧૨સુધી સકળ સંઘને મહાજનના રસોડે સાધર્મિક ભક્તિ હતી. સાતમના ચૈત્યપરિપાટીમાં હાલાપર, કોટડી, દેવપર, કોટડા (રોહા), કોવઈનગર, નવનીતનગર ભુજોડી, વર્ધમાનનગર દર્શન કર્યા. તથા ભુજમાં સાંયરાના મંગલપુરી ગુસાઈના ઘેર સંઘ પગલાં કરેલ ત્યારે મંગલપુરીને ત્યાં ચા, નાસ્તો તથા દરેકને ખીચી આપેલ. મંગલપુરીનું બહુમાન હીરેન ધ્રોળ તથા મુલચંદ મોમાયાએ કરેલ. ભુજથી પાછા સાંયરા આવતા વચ્ચે રાતા તળાવે આશાપુરામાંના દર્શન કર્યા. સાંયરાના જાડેજા જયેન્દ્રસિંહ વેલુભાની બસમાં સંઘ ગયેલ. ભાદરવા સુદ ૫ ના ઘાસચારા મુંગાપ્રાણીઓ માટે રૂા.૧૮૨૫૦ જીવદયા ફંડ થયેલ.

જિનાલય માટે વાર્ષિક ચડાવા : ૨૦૬૯ પક્ષાલ-શ્રીમતી જયાબેન દિનેશ મોમાયા, અંગલુછણા-ગુણવંતીબેન હીરાચંદ લોડાયા, ધુપ અગરબત્તી-માતુશ્રી લક્ષ્મીબાઈ ચત્રભુજ લોડાયા, કેસર બારાસ-માતુશ્રી મલ્યાબાઈ દામજી મોમાયા, અખંડ દિપક-માતુશ્રી વસુમતીબેન લક્ષ્મીચંદ મોમાયા, ફુલપૂજા-માતુશ્રી શારબાઈ હીરજી ખોના, ગરમ પાણી-માતુશ્રી સોનબાઈ અરજણ લોડાયા એ લાભ લિધેલ.

## જખૌ

પૂ.સા.શ્રી જયકીર્તિશ્રી મ.સા.ની નિશ્રામાં અનેક વિધ ચાતુર્માસ આરાધનાઓ થઈ. "આત્મ પ્રબોધ" સૂત્ર તથા "જિનસેન ચરિત્ર" ઉપર દરરોજ વ્યાખ્યાન થયા. દર રવિવારે પ્રશ્નોત્તરી, ફાઉઝી, અંતાક્ષરી તથા બાળકોની શિબિર વગેરે થઈ. પર્યુષણ પર્વમાં સારી સંખ્યામાં ભાવિકો મુંબઈ તથા દેશાવરથી પધાર્યા હતા. અને રંગેચંગે પર્યુષણ પર્વની ઉજવણી થઈ. અઠ્ઠાઈ તપ દોઢ મહીનાના એકાસણાં વગેરે તપશ્ચર્યા થઈ. નાના બાળકોને પ્રોત્સાહનરૂપે ઇનામો અપાયા. સ્વપ્નધૃત પોણા બે લાખ મણ તથા અન્ય ચડાવા પણ સારા થયા. પૂ.સા.શ્રી કલ્પલતાશ્રીની પુણ્યતિથી નિમિતે શત્રુંજય ભાવયાત્રા તથા દેશાવગાશિક સામાયિકની આરાધના સુંદર થઈ. દર પુનમે સમુહ સ્નાત્ર ધામધુમથી બહેનો ભણાવે છે.

## મોટી સિંધોડી

અત્રે પર્યુષણ પર્વ આનંદ-ઉમંગથી ઉજવાયા, દરરોજ બન્ને ટાઈમ પ્રતિક્રમણ સ્નાત્ર, સેવા પુજા, સાંજે આંગી, રાત્રે ભાવના અને આરતી વગેરે કાર્યક્રમ રહેતા. પોથી ભવ્ય-ઉમંગ ભરત મૈશેરી (વિરાર), પોથી વરઘોડામાં સંઘના ભાઈ-બહેનો અને શાળાના વિદ્યાર્થી વાજિંત્રો સાથે જોડાયા. શણગારેલ બળદગાડીમાં શોભાયાત્રા નીકળી. રાત્રે જાગરણમાં ભક્તિ ભાવના રમઝટ જામી. બીજના સ્વપ્ન ઘૃત ૨૫૭૦૭ મણ થયું. પારણું ઝુલાવવા-પધરાવવાનો લાભ મા.ગંગાબાઈ ધનજી મૈશેરી પરિવારે લાભ લીધેલ અને વાજતે ગાજતે પધરાવેલ. રાત્રે જાગરણમાં ભાવનાની રમઝટ જામી. શ્રી મુકેશ ભવાનજી મૈશેરીની અઠ્ઠાઈ અને સૌ. નિર્મળાબેન લહેરચંદ મૈશેરીની અઠ્ઠમ બદલ ચોથના બહુમાન સાંજી થયેલ.

વિદ્યાપીઠના લક્ષ્મીબેન વિસરીયા અને હેમલતાબેન ગડા પધારેલ આઠ એકાસણા કરી સુંદર આરાધના કરાવી.

સંઘે તેમનું બહુમાન કર્યું પાંચમના બારસાસૂત્ર વાંચન થયેલ. આઠે દિવસ સાધર્મિકભક્તિ સંઘના રસોડે હતી. સાધર્મિક ભક્તિ માટે લાભ મા. રતનબેન દામજી મોમાયા, મા. રતનબેન ભવાનજી લોડાયા, નેમ યુથ ફોરમ, શ્રી હીરાચંદ ભવાનજી મોમાયા, નરપાર મેઘરાજ લોડાયા પરિવારોએ સાથે મળીને લીધેલ.

તા.૧૫-૮ના શાળામાં ધ્વજવંદન પ્રસંગે આમંત્રણ હોતાં સંઘના સૌએ હાજરી આપી. ધ્વજવંદન શ્રી મુકેશ ભવાનજી લોડાયાના હસ્તે થયું. ગામના અગ્રણી વાલજીભાઈ, કાનજીભાઈ તથા તાલુકાના પ્રમુખ મુરજીભાઈ ગઢવી વગેરે પધારેલ. છાશની વ્યવસ્થાનો લાભ અબડાસા ગૌશાળા ટ્રસ્ટ (રાપર) તરફથી હતું. પર્વ દરમ્યાન આસપાસથી સંઘો દર્શનાર્થે પધાર્યા. નૂતન ઉપાશ્રય નિર્માણના ફંડમાં આધારસ્તંભ તરીકે શ્રી સોમચંદ વેલજી લોડાયા મા ઓમ પરિવારે યોગદાન આપેલ.

## શ્રી અચલગચ્છ કચ્છી જૈન સંઘ-યવતમાલ

શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ-મુંબઈથી પર્યુષણ પર્વમાં આરાધના કરાવવા માટે બે આરાધક બહેનો

આવેલ. જેમણે પર્વમાં ખુબજ સુંદર આરાધના કરાવેલ. શ્રી કલ્પસુત્ર (પોથી) શ્રી દિનેશ લક્ષ્મીચંદ લોડાયા પરિવાર (નલિયા), પારણું શ્રી ખીમજી કરમશી સાવલા પરિવારે (વડાલા) એ પધરાવેલ. સપનાનું ઘૃત ૩૦૩૨૬ મણ થયેલ. કુલ ઘૃત ૩૯૭૨૮ મણ થયેલ. કચ્છમાં જીવદયા ખાતે પાંજરાપોળમાં રૂ.૨૫૦૧ મોકલેલ છે. છઠ્ઠના ક્ષમાપનાનો કાર્યક્રમ તથા રાત્રે પારણાંનું જાગરણ રાખેલ. સાતમના બન્ને આરાધકોને શ્રી ભદ્રાવતી તીર્થ (ભાંડકજી) યાત્રા કરાવેલ.

### સાંધાણ

અત્રે નવટુંક જિનાલયે આરાધના કરાવવા મુંબઈથી પધારેલ શ્રી પ્રવિણભાઈ ભવાનજી ખુથિયા અને શ્રી શામજીભાઈએ ભાવપૂર્વક આઠ દિવસ આરાધના કરાવી. શ્રી પ્રવિણભાઈએ અઠ્ઠાઈ કરી કલ્પસુત્રનું વાંચન સરસ શૈલીમાં શામજીભાઈના સથવારે કરાવ્યું. રોજ સવારે ભક્તામર પાઠ, ગુરૂવંદન કરી વાંચન કર્યું. રોજ વ્યાખ્યાન દરમ્યાન નીતનવી ગહુંલીઓ સોનલબેન પટેલે કાઢી આકર્ષણ જમાવ્યું. મુંબઈથી પધારેલ ૪ જણાં સાથે સ્થાનિક જૈન જૈનેતર મળી પર્વની ઉજવણી ધામધૂમથી થઈ. પોથી ૫૨૫ મણમાં શ્રી ભદ્રીચંદ જી. પટેલ તથા પારણું દેરાસરજીના મહેતાજી શ્રી લહેરચંદ એમ. ગોગરીએ ૧૧૧૫ મણમાં પધરાવ્યું બંને પ્રસંગનાં વરઘોડા તથા જાગરણ સારા થયા. સ્વપનાનું કુલ ઘૃત (પોથી-પારણા સાથે) ૨૩૯૭૫ મણ તથા અન્ય ઘૃત મળી કુલ ૩૧૦૪૨ મણ થયું. રોજ રાતે ભાવના, દાંડિયા રાસમાં જૈન-જૈનેતર તથા ભુલકાંઓની સંખ્યાથી રંગ જામ્યો. સૌએ ખૂબ આનંદથી પર્વની આરાધનામાં ભાગ લીધો.

### ખામગામ

અત્રે પૂ.સા.શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં અનેક નાની-મોટી ધાર્મિક પ્રવૃતિઓ ચાલી રહી છે. એમાં સૌ ઉત્સાહથી લાભ લઈ રહ્યા છે. સંઘના ૧૩ જણાં ભાઈ-બહેનોનું શાતાપુર્વક વરસીતપ ચાલી રહ્યું છે. જેમાં જ્ઞાતિનાં-૭, બાલાપૂરી સમાજના-૨, સ્થાનકવાસી સમાજના-૪ જણા છે. સંઘના ટ્રસ્ટી શ્રી નરેન્દ્રભાઈ સંકલેચા અને તેમના ધર્મપત્ની સૌ. વિજયાબેન સંકલેચાએ નિ:સ્વાર્થપણે ઉત્સાહ, ઉમંગની સાથે વરસીતપવાળા ભાઈ-બહેનોને હસ્તીનાપુરની યાત્રા વિમાન દ્વારા કરાવવાનો લાભ લીધેલ. પાંચ-પાંચ મહિનાથી એકાંતરે બ્યાસણાંની એક ટાઈમની સવારની વ્યવસ્થા સંઘના રસોડે તન-મન-ધનથી કરાવી રહ્યા છે.

### નાંદેડ

અત્રે પુ.સા.શ્રી દિવ્યગુણાશ્રીજી તથા કોટીગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ચાતુર્માસની સુંદર આરાધના થઈ. તેમને વંદન કરવા હૈદ્રાબાદથી ૮૦ જણાંનો સંઘ તા.૯-૯-૧૨ના આવેલ. દર્શન-પુજન બાદ નવકારશી વાપરી, પુ. દિવ્યગુણાશ્રીજી મ.સા.ના પ્રવચનનો લાભ લીધેલ. નાંદેડ સંઘવતી સંઘપતી શા. દેવચંદ રામજી છેડા તથા શા. ભરત જેઠાલાલ ગાલા (મામા-ભાણેજ)નું સંઘવતી અભિવાદન-બહુમાન કરવામાં આવેલ. તેમજ કાચીગુડા શાંતિનાથ જિનાલયના ટ્રસ્ટી ગણ શા. રમણભાઈ નાગડા શા. તલકશીભાઈ ગડા તથા શા. પોપટલાલ છેડાનુ પણ સંઘવતી બહુમાન કરવામાં આવેલ. બપોરના સ્વામીભક્તિનો લાભ લઈ સંઘ હૈદ્રાબાદ જવા રવાના થયેલ. નાંદેડ સંઘની સુંદર વ્યવસ્થા તથા સ્વાગત બદલ યાત્રિક સંઘે સંતોષ વ્યક્ત કરી આભાર માનેલ.

તા.૧૨-૯-૧૨થી પૂ.સાધ્વી દિવ્યગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શરૂ થયેલ મહામંગલકારી વિમલ વિદ્યા અનુષ્ઠાનમાં ૧૨૫ જણાંએ ભાગ લીધેલ છે. પૂજ્યશ્રીની નિશ્રામાં તપ-જપ-ધૃત-વૃતની સુંદર વૃધ્ધિ થઈ.


**પેસમેકર ઉપલબ્ધ**

***માતુશ્રી કુંવરબાઈ ઉમરશી છેડા પરિવાર સુથરી-મસ્જીદબંદર ઉદાર સહયોગથી અમુલ્ય પેસમેકર ઉપલબ્ધ થયું છે. જરૂરતમંદ હાર્ટની તકલીફવાળા જ્ઞાતિજનને પ્રાથમિક્તા અપાશે. ઈચ્છુક સભ્ય મુંબઈ મહાજનના કાર્યાલય મસ્જીદબંદરમાં અનંતનાથ જિનાલયે તુરંત સંપર્ક કરવા અપીલ કરાઈ છે. ડોક્ટરની સલાહ અનુસાર આગળની કાર્યવાહી કરી શકાશે.***

***સંપર્ક ફોન : 022-23448274, 09892741414***

**નોકરી ખાલી છે**

જોઈએ છે. અમારી બાંધકામની સાઈટ ઉપર સ્ટોરકીપર કમ સાઈટ સુપરવાઈઝર. S.S.C. કે તેથી વધુ ભણેલ વ્યક્તિએ સ્વહસ્તાક્ષરવાળી અરજી સાથે ફોન કરી રૂબરૂ મળવું. (જ્ઞાતિજનને પ્રથમ પસંદગી)

સરનામું : **મે. નરેન્દ્ર શાહ એન્ડ એસોસીયેટસ,** ૧૯, શાંતિભુવન, ત્રીજેમાળે, વિશ્વમહલ હોટલની ઉપર, રેલ્વે સ્ટેશન સામે, મુલુંડ (વે), મુંબઈ-400080.

ટેલિ. 25647572

**નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**કસ્તુરીબેન વીરચંદ શિયાડ** (જખૌ) ૨૦૧ નારાયણ એપા. પુંડલીકવાડી, રોડ નં.૮, મહાવીરચોક, નાંદેડ-૪૩૧૬૦૧ ફોનઃ૦૯૯૨૦૫૫૬૯૩૮

**નીતાબેન ઉપેન લોડાયા** (નલીયા) અચલગચ્છ જૈન સોસાયટી, પ્લોટ ૩-૪/ઈ, સર્વે નં.૨, મહાવીરનગર, અંતરજાળ, આદિપુર-370205

**ગોવિંદજી શીવજી મૈશેરી** ૧૯/એ, કપુરે એસ્ટેટ, એન.એસ.રોડ, પ્રિતમ હોટેલ પાછળ, ડોંબિવલી (વે.)-૪૨૧૨૦૨

**જીવનચક્ર** (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

**જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જ જન્મનોંધ મોકલવી.)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૭-૭-૧૨ | મુલુન્ડ | SACL01 | ટિવશા-પારસ રાજેન્દ્ર ચુરલા | સાંધાણ | કન્યા |
| ૪-૯-૧૨ | અગાશી | JKMU070503 | અર્થવ-ગિરીશ મુલચંદ મનુવર | જખૌ | પુત્ર |
| ૮-૯-૧૨ | અલપઈ | SUSI01 | અતુલ હંસકુમાર રાયચંદ સાયલા | સુથરી | પુત્ર |
| ૨૪-૭-૧૨ | ઘાટકોપર | RPMA | પ્રત્યુષ-પ્રિયેશ પારસ મૈશેરી | રાપરગઢ | પુત્ર |
| ૨૮-૮-૧૨ | વર્જીનીયાUSA | NLNG160202 | રીયા-જતીન સુરેન્દ્ર નાગડા | નલીયા | કન્યા |
| ૬-૯-૧૨ | મુલુન્ડ | TRMT050504 | આર્યન-નિલય ભરત મોતા | તેરા | પુત્ર |

**સગપણ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮-૯-૧૨ | કોચીન | BHDD010904 | સિદ્ધાર્થ શરદ પાનાચંદ દંડ | ભરૂડીયા | ૩૧ |
| | થાણા | JKMU040203 | રચના નવિન ઉમરશી મુનવર | જખૌ | ૨૫ |
| ૩૧-૭-૧૨ | મુંબઈ | VRDA | નીતિન શામજી ડાઘા | વરાડીયા | ૨૫ |
| | બાંઢિયા | PRNG05 | ભાવના જવેરચંદ નરશી નાગડા | પરજાઉ | ૨૧ |

**લગ્ન**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦-૮-૧૨ | ઘાટકોપર | SNMA040504 | હીમય લલીત દામજી મૈશેરી | નાનીસિંધોડી | ૩૧ |
| | મુલુન્ડ | NLKN200204 | સપના ભરત રતનશી ખોના | નલિયા | ૨૫ |

**મરણ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨-૮-૧૨ | મુલુન્ડ | NLKN200101 | લીલબાઈ રતનશી ઠાકરશી ખોના | નલીયા | ૯૫ |
| ૪-૯-૧૨ | ચુનાભટ્ટી | TRNG051101 | નીતિન આણંદજી નરપાર નાગડા | તેરા | ૬૨ |
| ૭-૯-૧૨ | કાંદીવલી | SADD010201 | હરીશ લક્ષ્મીચંદ મેઘજી દંડ | સાંધાણ | ૬૬ |
| ૭-૯-૧૨ | મુલુંડ | VVLA040102 | પુષ્પાબાઈ ટોકરશી જીવરાજ લાલકા | વારાપધર | ૭૨ |
| ૮-૯-૧૨ | નાશિક | BDLO040202 | ઝવેરીબેન અભયચંદ જીવરાજ લોડાયા | બાંઢિયા | ૬૧ |
| ૯-૯-૧૨ | ગદગ | KRLO110402 | ધનબાઈ લાલજી માણેકજી લોડાયા | કોઠારા | ૭૮ |
| ૯-૯-૧૨ | ડોંબિવલી | RAPL010301 | મણિકાંત કરમશી દેવશી પોલડીયા | રંગપુર | ૬૫ |
| ૯-૯-૧૨ | માણાવદર | NLNG031101 | નારાણજી નાગશી વેલજી નાગડા | નલિયા | ૭૪ |
| ૧૦-૯-૧૨ | યવતમાલ | NLDH012201 | કેશવજી શામજી રાજપાર ધરમશી | નલિયા | ૮૦ |
| ૧૨-૯-૧૨ | ડોંબિવલી | SULO090101 | અશોક લક્ષ્મીચંદ રતનશી લોડાયા | સુથરી | ૬૦ |
| ૧૪-૯-૧૨ | હુબલી | VVMO020201 | સુરેશ દામજી ગોવિંદજી મોમાયા | વારાપધર | ૫૩ |

**-: ભુલસુધાર :-**

પ્ર.સ.અંક૩૫માં જીવનચક્રની સગપણ નોંધમાં ચિ. મેહુલ મૈશેરી અને બીના ધરમશીનાં સગપણની તારીખ શરતચુકથી ૧૫-૮ છપાઈ છે તે સુધારીને **તા.૨૫-૮-૧૨** વાંચવી.

પ્ર.સ. અંક નં.૩૭માં "પ્રકાશ-યાત્રા" "શ્રી અનંતનાથ દેરાસરજી ટ્રસ્ટનો ૧૫૦ વર્ષનો "ઈતિહાસ"ના લેખમાં પ્રારંભમાં બીજી લીટીમાં શ્રી નરશી નાથાના ઘરે દેરાસરમાંથી પ્રથમ દેરાસર અને ઉપાશ્રયના બાંધકામનો સમય સને **૧૮૩૩** વાંચવો. (આશરે ૧૮૦ વર્ષ પહેલાં) તેમજ પાના ૧૩ની બીજી કોલમની ૧૧મી લીટીમાં કોર્ટના દાવાનું વર્ષ **૧૯૪૫** વાંચવું.

પ્ર.સ. અંક ૩૭માં પાના નં.૨ ઉપર શ્રી વિનીતની જા.ખ.માં શ્રી હેમેન્દ્ર લક્ષ્મીચંદ ધુલ્લા-ઘાટકોપરના ફોન નં.શરતચુકથી ખોટા છપાયા છે તો તે સુધારીને **૯૧૬૭૫૨૬૧૬૨** વાંચવા.

પ્ર.સ. અંક ૩૫માં પાના ૨૩ ઉપર તપસ્વી યાદીમાં ૧૮૯ નં.માં શરતચુકથી ભરત હીરજી પટેલ છપાયેલ છે જે સુધારીને **ભરત શીવજી પટેલ** વાંચવું.

એજ યાદીમાં ૨૩૧ નં. સૌ.પાયલ વિરાજ મોમાયાના શરતચુકથી ૮ ઉપવાસ છપાયા છે જે સુધારીને **૧૬** ઉપવાસ વાંચવું.

# ઈતિહાસ-પ્રકાશ : જ્ઞાતિની ગૌરવગાથાઓ : જ્ઞાતિના ઈલ્કાબધારીઓ

## Justices Committee ન્યાયાધિકારીઓની સમિતિ

૧) સ્વ. શેઠ કેશવજી નાયક (જે.સી.) ૨) સ્વ. શેઠ વેલજી માલુ (જે.સી.) ૩) સ્વ. શેઠ નરશી કેશવજી નાયક (જે. સી.)

સને ૧૮૮૯ના કાયદાથી મુંબઈ શહેરની સુધરાઈ અસ્તિત્વમાં આવી તે પહેલાં જસ્ટીસીઝ કમિટી (Justices Committee) નામની એક સંસ્થા મુંબઈ શહેરનો કારભાર સંભાળતી અને તે કમિટીના સભ્યોનો સુધરાઈ અંગેનો નિર્ણય છેવટનો ગણાતો. વળી જેલ પાસેથી આવા સભ્યો પસાર થતા તે વખતે જો કેદીઓ કામ પ્રસંગે બહાર નીકળતા તો આવા સભ્યોના માનમાં તે કેદીઓની સજામાં ઘટાડો કરવામાં આવતો અને કોઈને ફાંસી આપવાના સમયે આ સભ્યો પસાર થતા તો ફાંસીની સજા રદ્દ કરવામાં આવતી. આવું માન મેળવવામાં ગણ્યાગાંઠયા સદ્‌ગૃહસ્થોમાં આપણી જ્ઞાતિના ઉપરોક્ત ત્રણ શેઠીઆઓ હતા.

## Justice of the Peace (સુલેહના અમલદારો)

૧) સ્વ.શેઠ વશનજી ત્રીકમજી (જે.પી.) ૨) સ્વ. શેઠ ડુંગરશી ખીમજી શામજી (જે.પી.) ૩) સ્વ. શેઠ ટોકરશી શામજી (જે.પી.)
૪)સ્વ.શેઠ ખેતશી ખીઅશી (જે.પી.) ૫)સ્વ.શેઠ હીરજી વેલાભાઈ (જે.પી.) ૬)સ્વ.શેઠ ખીમજી હીરજી કયાણી (જે.પી.) ઓ. મેજીસ્ટ્રેટ
૭) સ્વ.ડો.પુનશી હીરજી મૈશેરી (LM&S જે.પી.મેજીસ્ટ્રેટ) ૮) સ્વ.શ્રી લખમશી હીરજી મૈશેરી (B.A.LL.B. જે.પી.)
૯) શ્રી દામજી જેઠાભાઈ લોડાયા (જે.પી. ઓન. મેજીસ્ટ્રેટ) ૧૦) શ્રી ભવાનજી એન. મહેશ્વરી (જે.પી.)
૧૧) શ્રી ભવાનજી અરજણ ખીમજી (જે.પી.) ૧૨) શ્રી શામજી કરમશી નાગડા (જે.પી.)
૧૩) શ્રી ત્રીકમજી દામજી ખોના (જે.પી.) ૧૪) શ્રી માણેકજી વેલજી ખોના (જે.પી.)

## રાવબહાદુર

શ્રી દામજી જેઠાભાઈ લોડાયા (જે.પી.)

## રાવસાહેબ

૧) સ્વ. શેઠ વશનજી ત્રિકમજી સરનાઈટ (જે.પી.) ૨) શ્રી ગોવિંદજી ખીમજી દંડ (ધુલીયા) Recording Magistrate

ખૂન જેવા ગુન્હા પ્રસંગે જુબાનીની નોંધ કરવાનું માન અમુકજ વ્યક્તિઓને મળતું અને તે માંહેલા આપણી જ્ઞાતિમાં સ્વ. ડો. પુનશી હીરજી મૈશેરી હતા.

*(માહિતી : "શ્રી ક.દ.ઓ. પ્રકાશ"ના મે ૧૯૫૦ના અંકમાંથી)*

# સાંધવ ગામે પર્વ પર્યુષણ ઉજવણીની ઝલક









C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# ભગવાન સાથે વાતચીત

એક માણસે આકાશ સામે જોઈને કહ્યું, "હે ભગવાન મારી સાથે વાત કર", એ જ સમયે એક બુલબુલે સુંદર મજાનું ગીત છેડ્યું, પણ પેલા માણસનું એ તરફ ધ્યાન જ ન ગયું!!

પછી પેલા માણસે આકાશ સામે જોઈને વિનંતિ કરી, "હે ભગવાન, મારી સાથે બોલ તો ખરો!" એ જ સમયે આકાશમાં છવાયેલાં વાદળોમાં વીજળી થઈ અને એક લાંબી ગડગડાટી ચાલી, પરંતુ પેલા ખોવાયેલા માણસને એનો ખ્યાલ પણ ન આવ્યો!!



અને ભગવાનની આ અવગણના પર એને આશ્ચર્ય થયું! એ રાત્રે અંધારામાં એણે કોઈ નથી જોતું એની ખાતરી કરીને પછી કહ્યું, "હે ભગવાન, મારે તારાં દર્શન કરવાં છે! તું મને દર્શન આપ!" એ જ સમયે એક તારો ખૂબ જ તેજ સાથે ચમકી ઊઠ્યો, પરંતુ પેલા માણસની દૃષ્ટિ એ ના પકડી શકી!!

હવે એને રડવું આવ્યું. એ બોલ્યો; "હે પ્રભુ, મને સમજાતું નથી કે તું મારી આટલી અવગણના કેમ કરે છે? આજે તો તું મને ચમત્કાર બતાવ." એ જ સમયે તેની પત્નીને પ્રસૂતિની પીડા ઊપડી, એને તુરંત દવાખાને લઈ જવી પડી. થોડી જ વારમાં તેણે એક સુંદર આંખોવાળા બાળકને જન્મ આપ્યો. પરંતુ પેલા માણસને કંઈ જ સમજાયું નહીં.

એ હવે ભગવાન પર ગુસ્સે થયો. એણે બૂમ પાડી. "હે ભગાવન, મને ખાતરી કરાવ કે તું છે જ. તું મને સ્પર્શીને એ ખાતરી કરાવ. તો જ હું માનીશ કે તું છે." આ વખતે ભગવાન ખુદ નીચે આવ્યા, એમણે અતિસુંદર સ્વરૂપ ધારણ કર્યું. અને પેલા માણસને હળવેથી સ્પર્શ્યા. પેલા માણસે હાથ પર બેઠેલા રંગીન પતંગિયાને ઉડાડી મૂક્યું અને નિસાસો નાખ્યો કે, "ભગવાન ક્યાંય છે જ નહીં!!"

આપણે અપેક્ષા રાખેલી હોય તેવા સ્વરૂપે જ આશીર્વાદ આવી પડે એવી આશામાં આપણે કેટકેટલા આશીર્વાદ અને ચમત્કારોની પ્રતીતિ ગુમાવી દેતાં હઈશું?!

**(સાભાર : ડો. આઈ.કે. વીજળીવાળાની "મોતીચારો"માંથી)**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**